RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 152, Dt.11-09-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુરત, વડોદરા બાદ ભરૂચમાં ધાર્મિક ઝંડા મુદ્દે તનાવ

## ગણેશોત્સવ તથા ઈદના તહેવાર ટાણે જ શાંતિ ડહોળવાનો વધુ એક પ્રયાસઃ મોડીરાત્રે બે કોમના ટોળા સામસામાઃ પથ્થરમારો-તોડફોડઃ મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો ખડકી દેવાયા

મુખ્ય સમાચાર,નવીદિલ્હી
મુખ્ય સમાચાર, ભરૂચ

ગુજરાતભરમાં ધામધુમપૂર્વક ઉજવાઈ રહેલ ગણેશોત્સવનાં તહેવારમાં સુરત-વડોદરા બાદ હવે ભરૂચમાં કોમી તનાવ સર્જાયો છે. ધાર્મિક ઝંડા લગાવવાનાં મામલે બે કોમના લોકો સામસામા આવી ગયા હતા.પથ્થરમારો-તોડફોડના ઘટનાક્રમને પગલે સમગ્ર શહેરમાં લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ભરૂચ પશ્ચિમમાં આવેલા ગોકુલનગરમાં મોડીરાત્રે કોમી તનાવ પેદા થતો હતો. ગણેશોત્સવનો તહેવાર હાલ ચાલી રહ્યો છે આવતા દિવસોમાં ઈદ-એ-મિલાદનો તહેવાર આવી રહ્યો છે. બન્ને કોમના લોકો ધાર્મિક ઝંડા લગાવવા મુદ્દે મામલો બીચકયો હતો.

જોતજોતામાં ટોળા એકત્રીત થઈ ગયા હતા. ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનાં દ્રશ્યો સર્જાતા હતા.પથ્થરમારો તથા તોડફોડની ઘટના પણ બની હતી. તેમાં બે લોકો ઘાયલ થયા હતા.

આ બનાવની જાણ થતાં જ પોલીસ વડા મયુર ચાવડા સહીતનાં ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. સમગ્ર શહેરનાં પોલીસ કાફલાને ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યો હતો અને ટોળાને વિખેરીને પરિસ્થિતિ કાબુમાં લેવામાં આવી હતી.

કોમી તનાવ-ઉશ્કેરણી તથા મારામારીમાં સામેલ લોકો સામે અટકાયતી પગલા લેવામાં આવ્યા હતા.પોલીસે અફવા અને ઉશ્કેરણીથી દુર રહેવાની અપીલ કરી હતી.

ગોકુલનગર તથા આસપાસનાં વિસ્તારોમાં પણ મામલો તંગ બનતા પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા હતા. આ ઘટનાના કોઈ વધુ પ્રત્યાઘાતો ન પડે તે માટે આખી રાત કોમ્બીંગ ચાલુ રાખીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આ પૂર્વે વડોદરામાં પણ ધાર્મિક ઝંડા લગાવવા મામલે વિવાદ સર્જાયો હતો અને પોલીસે મામલો થાળે પાડયો હતો. સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસે ૩૦ થી વધુ લોકોની અટક કરી હતી. સુરત-વડોદરા બાદ ભરૂચના બનાવથી પોલીસ એલર્ટ થઈ છે.

ગણેશોત્સવનાં તહેવારોની ઉજવણી ચાલી રહી છે. આગામી



૧૭ મીએ ગણેશ વિસર્જન હશે તે પુર્વે ૧૬મીએ ઈદનો તહેવાર છે.તહેવાર દરમ્યાન કોમી ઉશ્કેરાટ-તનાવ રોકવા માટે સરકાર એલર્ટ થઈ છે.

ભરૂચ એસપી મયુર ચાવડાએ કહ્યું હતું કે, ભરૂચ શહેરમાં ગતરાત્રિએ ઝંડા લગાવવા બાબતે બે કોમના ટોળા સામસામે આવી ગયા હતા અને માહોલ ઉગ્ર બન્યો હતો. જો કે, પોલીસ તાત્કાલીક પહોંચી જતા સ્થિતિ કંટ્રોલમાં આવી હતી. રજૂઆતો અને સીસીટીવીની ચકાસણીના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે. જેમાં ૨૦ લોકોના નામ છે અન્ય ટોળા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં મોટાભાગના આરોપીઓને અરેસ્ટ કરી લેવામાં આવ્યા છે. શાંતિસમિતિની બેઠક બોલાવવામાં આવી છે અને સ્થિતિ ન બગડે તે માટે બંને કોમના આગેવાનોને અપીલ કરવામાં આવી છે. લોકોને અપીલ છે કે, માહોલ ખરાબ થાય તેવા મેસેજ, ફોટો કે વીડિયો લોકો સોશિયલ મીડિયા મારફત ન ફેલાવે. પોલીસની સોશિયલ મીડિયા પર નજર છે. જો કોઈ ગ્રુપમાં આવા મેસેજ ફરતા થશે તો તેની સામે કાર્યવાહી કરાશે.

## ઈઝરાયેલ ફરી ગાઝા પર ત્રાટકયું, ૪૦ લોકોના મોતઃ સેંકડો ઘાયલ

■ ગાઝાવાસીઓને મૃત્યુઆંક ૪૧૦૦૦ને વટાવ્યો



મુખ્ય સમાચાર,ગાઝા

ઈઝરાયેલે ગાઝામાં વિસ્થાપિત પેલેસ્ટાઈનીઓ પર કરેલા હુમલામાં કમસેકમ ૪૦ના મોત થયા છે અને ૫૦થી વધુ ઈજા પામ્યા છે, એમ પેલેસ્ટાઈની અધિકારીએ જણાવ્યું હતું. ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેણે હમાસના વરિષ્ઠ કમાન્ડરોને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. ઈઝરાયેલે આ હુમલો મુવાસી ખાતે કર્યો હતો. આ વિસ્તાર તેણે પોતે જાહેર કરેલો વિસ્થાપિત રહેણાક ઝોન છે, જ્યાં હજારો ગાઝાવાસી રહે છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ૪૦ના મોત થયા છે અને વધારે મૃતદેહો મળવાની સાથે અને કેટલાક ઈજાગ્રસ્તોની સ્થિતિ વણસવાની સાથે મૃત્યુઆંક વધી શકે છે. જ્યારે હમાસ સરકારના નેજા હેઠળ ચાલતા સિવિલ ડિફેન્સે ૪૦નો મૃત્યુઆંક ગણાવ્યો છે.

જો કે ઈઝરાયેલે આ આંકડા સામે વાંધો ઉઠાવતા ૧૯ના જ મોત થયા હોવાનો દાવો કર્યો છે.આંકડાની વિસંગતતાના મુદ્દે આરોગ્ય વિભાગ અને સિવિલ ડિફેન્સ બંનેમાંથી કોઈએ જવાબ આપ્યો ન હતો.

મૃત્યુ પામેલાઓમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલના લશ્કરે જણાવ્યું હતું કે હમાસના આતંકવાદીઓએ નાગરિકોની વચ્ચે કમાન્ડ સેન્ટર બનાવ્યું છે. તેણે ત્રણ આતંકવાદીઓને ઓળખી બતાવ્યા હતા.

જણાવ્યું હતું કે આ ત્રણ સાતમી ઓક્ટોબરના ઈઝરાયેલ પરના હુમલાખોરોમાના હતા. ઈઝરાયેલે જણાવ્યું હતું કે અમે નાગરિકોની બને તેટલી ઓછી જાનહાનિ ઓછી થાય છે તે માટે પ્રયત્ન છીએ. પરંતુ આતંકવાદીઓ તેઓની વચ્ચે હોવાથી આ જાનહાનિ થાય છે.

ઈઝરાયેલે તાજેતરમાં જ મધ્ય સિરીયામાં અનેક વિસ્તારોને નિશાન બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા હતા અને ૧૩ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

આ હુમલાને લીધે અનેક સ્થળ પર આગ લાગી હતી. સીરિયાની સરકારી ન્યૂઝ એજન્સી સના તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે સીરિયાની હવાઈ સુરક્ષા પ્રણાલીએ મધ્ય ક્ષેત્રમાં અનેક સ્થળોને નિશાન બનાવી કરવામાં આવેલા આક્રમક હુમલાનો સામનો કર્યો હતો. ઈઝરાયેલ તરફથી કરવામાં આવેલા હુમલામાં હમા પ્રાંતના એક ધોરીમાર્ગને નુકસાન થયું હતું.

## જીએસટીમાં શું સસ્તુ અને શું મોંઘુ કરાયુંઃ કાર, ટુ-વ્હીલર, થોડા મોંઘા થશે

■ રેડી-ટુ-ઈટ ન હોય તેવા નમકીન સસ્તા થશેઃ કેન્સરની અનેક દવાઓ સસ્તી

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

જીએસટી કાઉન્સીલની મળેલી બેઠકમાં કેટલાક ટેક્સ ઘટાડવામાં આવ્યા છે જ્યારે અનેકમાં વધારો કરવામાં આવ્યા છે. ખાસ કરીને કેન્સરની દવાઓ, હેલીકોપ્ટર પ્રવાસ અને નમકીન કે જે તળેલા કે શેકેલા નથી એટલે કે રેડી-ટુ-ઈટ નથી તેના પરનો જીએસટી ઘટાડવામાં આવ્યો છે. કેન્સરની દવા Trastuzumab-Deruxtecan, Osimertinib, and Durvalumab પરનો જીએસટી ૧૨ ટકામાંથી ઘટાડીને પાંચ ટકા કરવામાં આવ્યું છે.

જેનાથી કેન્સરના દર્દીઓને રાહત થશે અગાઉ કેન્સરની દવાઓ પરનો કસ્ટમ ડ્યુટી પણ ઘટાડવામાં આવી હતી. ભારતમાં જે રીતે કેન્સરના દર્દીઓ વધી રહ્યા છે તે પછી આ જીવનરક્ષક દવાઓ સસ્તી ઉપલબ્ધ થશે. આ ઉપરાંત રીસર્ચ પર જે સર્વિસ ટેક્સ લાદવામાં આવ્યો હતો તે પાછો ખેંચાયો છે.

સીટ શેરીંગ એટલે કે એક જ હેલીકોપ્ટરમાં અલગ અલગ એકથી વધુ પ્રવાસીઓ સફર કરતા હોય ત્યારે તેના પર જીએસટી ૧૮ ટકામાંથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે. કેદારનાથ, બદ્રીનાથ, વૈષ્ણોદેવી સહિતના યાત્રાધામોમાં જે રીતે હેલીકોપ્ટર સેવા આપવામાં આવે છે.



તેમાં જીએસટી ઘટાડાથી યાત્રાળુઓને લાભ થશે. જો કે ચાર્ટર્ડ હેલીકોપ્ટર પર ૧૮ ટકાનો જીએસટી યથાવત રહેશે. આ ઉપરાંત જે નમકીન અનકુકડ એટલે જે રાંધેલા ન હોય અથવા તો અનફ્રાઈડ એટલે કે રેડી-ટુ-ઈટ ન હોય તેના પર હવે પાંચ ટકા જીએસટી લાગશે.

આ ઉપરાંત કાર અને મોટરસાયકલની સીટ મોંઘી થશે તેના પર ૧૮ ટકા જીએસટી હતો તે ૨૮ ટકા લાગશે. રેલવે જે એરકન્ડિશનર સીસ્ટમનો ઉપયોગ કરે છે રૂફ માઉન્ટેડ સિસ્ટમ પર હવે જીએસટી વધારવામાં આવ્યો છે.

જ્યારે ઈલેકટ્રીક વાહનોમાં ચાર્જીંગ સ્ટેશન પર જીએસટી ઘટાડા અંગે નિર્ણય મુલત્વી રખાયો છે. પેમેન્ટ એગ્રીકેટરને ટેક્સમાં કોઈ રાહત અપાઈ નથી આ ઉપરાંત રેસીડેન્સીયલ કોમર્શીયલ અને ઈન્ડસ્ટ્રીયલ મિલ્કતોમાં લોકેશન ચાર્જીસ પરનો જીએસટી હવે એક સમાન કરાયો છે.

## જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં પાકિસ્તાનનું ઉંબાડીયુંઃ ગોળીબારમાં ૧ જવાન ઘાયલ

મુખ્ય સમાચાર,જમ્મુ-કાશ્મીર

પાકિસ્તાને ફરી એકવાર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે. અહેવાલ છે કે પાકિસ્તાની સેનાએ કોઈ કારણ વગર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં બીએસએફ એટલે કે સીમા સુરક્ષા દળનો જવાન ઘાયલ થયો છે. જો કે ભારતીય જવાનોએ પણ પાકિસ્તાનના આ ઘમંડનો જવાબ આપ્યો અને ગોળીબાર કર્યો. હાલ એ સ્પષ્ટ નથી થયું કે સરહદ પારથી કોઈ જાનહાનિ થઈ છે કે કેમ.

ઈજાક્ષના પ્રવકતાએ બુધવારે સવારે અહીં જણાવ્યું હતું કે લગભગ ૦૨.૩૫ વાગ્યે અખનૂર વિસ્તારમાં સરહદ પારથી ઉશ્કેરણી વિના ગોળીબાર થયો હતો. તેમણે કહ્યું કે ઈજાક્ષએ ફાયરિંગનો જડબાતોડ જવાબ આપ્યો. તેમણે માહિતી આપી છે કે સૈનિકોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે અને આંતરરાષ્ટ્રીય બોર્ડર અને એલઓસી એટલે કે નિયંત્રણ રેખાની નજીક કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.

ઘાયલ સૈનિકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે જ્યાં તેની સારવાર ચાલી રહી છે. બે દિવસ પહેલા જમ્મુ-કાશ્મીરના નૌશેરા વિસ્તારમાં આતંકીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ભારતીય સેનાએ બે આતંકીઓને ઠાર કર્યા હતા. આતંકીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સરહદ પારથી સ્થિતિને વધુ ખરાબ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે અનેક યુક્તિઓ અપનાવવામાં આવી રહી છે. મુખ્યત્વે સરહદ પારથી ઘૂસણખોરીના પ્રયાસો કરવામાં આવ્યા છે. જો કે સુરક્ષા દળો પાકિસ્તાનના દરેક નાપાક પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે તૈયાર છે.બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) એ સરહદ પારથી કોઈપણ આતંકવાદી ગતિવિધિઓને પહોંચી વળવા માટે ઘૂસણખોરી વિરોધી પગલાં લીધાં છે. જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીમાં સરહદ પારથી કોઈ ગેરરીતિ



આચરવામાં ન આવે તે માટે નક્કર વ્યવસ્થા કરવામાં આવી છે. બીએસએફ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ છે.

ગયા વર્ષે પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ યુદ્ધવિરામ કરારનું નવીકરણ કરવામાં આવ્યું હતું. જો કે, ગયા વર્ષે જ રામગઢ સેકટરમાં પાકિસ્તાની રેન્જર્સના ગોળીબારમાં બીએસએફના એક જવાનનું મોત થયું હતું.

## સ્ક્રેપ પોલીસીમાં હવે વાહનોની ઉંમર મર્યાદા કરતા પોલ્યુશન ટેસ્ટીંગ માપદંડ બનશે

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

દેશમાં પ્રદુષણ ઘટાડવા અને ઈંધણનો વપરાશ પણ કરકસરયુકત થાય તે માટે આધુનિક ટેકનોલોજી ધરાવતા વાહનોનો ઉપયોગ વધે તે હેતુથી લાવવામાં આવેલી સ્ક્રેપ પોલીસીમાં સરકાર હવે ધરમૂળથી ફેરફાર કરવા જઈ રહી છે. હાલ મોટા કોમર્શિયલ વાહનો માટે ૧૫ વર્ષની આયુ મર્યાદા નિશ્ચિત કરવામાં આવી છે અને તે આયુ મર્યાદા પૂરી કરનાર વાહનોને ફિટનેસ સર્ટીફીકેટ લેવાનું ફરજીયાત કરીને સ્ક્રેપમાં મોકલવા અંગે પણ જોગવાઈ છે.

પેટ્રોલ વાહનો માટે ૧૫ વર્ષ અને ડિઝલ વાહનો ૧૦ વર્ષ જુના હોય તેને દિલ્હીના માર્ગો ઉપર પણ દોડાવવાની મંજૂરી નથી અને આ પ્રકારના વાહનો ઓટોમેટીક ડીરજીસ્ટર થઈ જાય છે. પરંતુ સરકાર હવે ફકત વાહનોની આયુ મર્યાદા જ નહીં પરંતુ તેની પોલ્યુશન ટેસ્ટીંગ એટલે કે ફિટનેસ સર્ટીફીકેટ પર તેને સ્ક્રેપમાં મોકલવા અંગે વિકલ્પ આપશે. દિલ્હીમાં પ્રદુષણની સમસ્યા વધતી જાય છે અને દેશભરમાં તે ધીમે



ધીમે આગળ વધતી જાય છે.

પરંતુ જે વાહનો ૧૫ વર્ષ બાદ પણ વધુ સારી સારસંભાળના કારણે પ્રદુષણ ફેલાવવામાં નિયંત્રણ ધરાવતા હોય તો તે વાહનો માટે હવે રોડ પર દોડતા રાખવાનો વિકલ્પ મળશે. ખાસ કરીને જે રીતે વાહનોની કિંમત ઉંચી જઈ રહી છે તે બાદ હવે સરકાર સ્ક્રેપ પોલીસીમાં ફેરફાર લાવી રહી છે અને તેમાં પ્રિ-બીએસ૧ અથવા પ્રિ-બીએસ૨ જેવા માપદંડ અપનાવાશે.

## ફરી એકવાર વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો, ઉદ્ઘાટન પહેલાં જ તૂટયા બારીના કાચ

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

બિહારમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની ઘટના સામે આવી છે. જમશેદપુરથી પટના જતી વંદે ભારત ટ્રેન તેના ટ્રાયલ સમયગાળા દરમિયાન ગયા જિલ્લામાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ સપ્ટેમ્બરે આ ટ્રેનનું ઉદ્દઘાટન કરશે. પથ્થરમારાની ઘટનામાં ટ્રેનના કોચની બારીના કાચ તૂટી ગયા હતા. આ ઘટના બંધુઆ-તનકુપ્પા સ્ટેશન વચ્ચે બની હતી.



રેલવે અધિકારીઓએ જણાવ્યું કે, નઆ ઘટના ગઈ કાલે મોડી સાંજે બની હતી. અધિકારીએ કહ્યું કે તે ટાટાથી ગોમો (નેતાજી સુભાષ ચંદ્ર બોઝ જંકશન) થઈને ગયા તરફ આવી રહી હતી. આ દરમિયાન, કેટલાક તોફાની તત્વોએ બંધુઆ અને ટાંકુપ્પા સ્ટેશનો વચ્ચે ટ્રેન પર પથ્થરમારો શરૂ કર્યો, જેના કારણે એન્જિનની બાજુમાં બીજા કોચની સીટ નંબર ૪ ની બારીના કાચ તૂટી ગયા.

હકીકતમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ સપ્ટેમ્બરે ઘણી વંદે ભારત ટ્રેનોનું વર્ચ્યુઅલ રીતે ઉદ્દઘાટન કરશે. તેમાં બિહારના ગયા જંકશનથી બે નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોનો પણ સમાવેશ થાય છે. પ્રથમ ટ્રેન ગયા અને હાવડા વચ્ચે દોડશે. બીજી ટ્રેન વારાણસી અને દેવઘરને જોડશે. ગયા તેને રોકશે. આ ટ્રેનોમાં મુસાફરી સરળ અને ઝડપી બનશે.

આ પહેલા પણ અનેક રાજ્યોમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની ઘટનાઓ સામે આવી ચુકી છે. ગત વર્ષે ઓકટોબરમાં રાજસ્થાનના ભીલવાડામાં પણ આવી જ ઘટના બની હતી, અહીં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેના કારણે ટ્રેનના કાચ તૂટી ગયા હતા. ટ્રેનમાં સવાર કોઈ મુસાફરને ઈજા થઈ ન હોવાની પુષ્ટિ થઈ હતી.

## ટ્રમ્પ સાથે યોજાયેલી ડિબેટમાં કમલા હારિસે કર્યા જબરા પ્રહારો

### અમેરિકામાં ગેરકાનુની વસતા વિદેશીઓથી લઈ ગર્ભપાત અને અર્થતંત્ર સહિતના મુદ્દે દલીલ

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

અમેરિકાના તાજેતરના ઈતિહાસમાં સૌથી રસપ્રદ બની શકતી પ્રમુખ પદની ચૂંટણીમાં આજે ડેમોક્રેટીક ઉમેદવાર કમલા હારિસ અને પૂર્વ પ્રમુખ તેમજ રીપબ્લીકન પાર્ટીના પ્રમુખ પદના દાવેદાર ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે અમેરિકાના પેન્સીલ્વેલીયા ખાતે એબીસી ન્યુઝની પ્રથમ પ્રેસીડેન્શીયલ ડિબેટમાં બંનેએ એક બીજા ઉપર તીખા પ્રહારો કર્યા હતા.

૯૦ મીનીટની આ ડિબેટમાં કમલા હારિસએ ડોનાલ્ડ ટ્રમ્પની ઘરઆંગણાની અને વિદેશ બંને નીતિની આકરી ઝાટકણી કાઢીને સ્કોર કરવા પ્રયત્ન કર્યો હતો. ટ્રમ્પ અને હારીસ વચ્ચેની આ ડિબેટમાં અગાઉ જો બાઈડન સાથેની ટ્રમ્પની ડિબેટ કરતા અલગ જ દ્રશ્યો જોવા મળ્યા હતા અને આક્રમક તેમજ ભાષામાં પોતાની મર્યાદા ચૂકવા માટે જાણીતા ટ્રમ્પને આ ડિબેટમાં હારિસે ભીંસમાં લીધા હતા.

બંને વચ્ચે રશીયા-યુક્રેન યુધ્ધ ઈઝરાયલ-હમાસ જંગ ચીન સાથેના અમેરિકાના વ્યાપારથી લઈને અમેરિકાની બેરોજગારી તેમજ ગર્ભપાત સહિતના મુદ્દે ચર્ચા થઈ હતી. યુક્રેન યુધ્ધ પર તીખી ચર્ચા દરમ્યાન હારિસે સીધા જ ટ્રમ્પને નિશાન બનાવતા કહ્યું કે જો આજે ટ્રમ્પ રાષ્ટ્રપતિ હતો.

તો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન કયારના કીવ (યુક્રેનના પાટનગર) પહોંચી ગયા હોત અને ટ્રમ્પને કહ્યું કે પુતિન કોઈના સગા નથી અને પોતાના સ્વાર્થ માટે ટ્રમ્પને પણ દગો કરતા ચૂકે તેવા નથી. ટ્રમ્પે તેનો સીધો જવાબ ન આપ્યો પણ કહ્યું કે યુક્રેન યુધ્ધ રોકાવું જોઈએ અને મને લાગે છે કે આ યુધ્ધ રોકાઈ તે અમેરિકા માટે જરૂરી છે.

બંને વચ્ચે ચીન મુદ્દે પણ જબરી દલીલ થઈ હતી અને કમલા હારિસે ટ્રમ્પને આકરી ભાષામાં કહ્યું કે તમારા હાથે અમેરિકા ચીનને વેંચાઈ ગયું હતું તેમનો ખાસ મુદ્દો જે રીતે અમેરિકાની માઈક્રો ચીપ્સ ચીને વેંચવાની મંજૂરી અપાઈ તેના પર હતો અને હારિસે કહ્યું કે ચીને અમેરિકાની માઈક્રો ચીપ્સથી જ પોતાના શસ્ત્રોને આધુનિક બનાવ્યા છે અને આજે તે તાઈવાન માટે પણ મુશ્કેલ સ્થિતિ બની ગયું છે.

જોકે ટ્રમ્પે વળતો પ્રહાર કરતા કહ્યું કે જો કમલા હારિસ પ્રમુખ



બનશે તો બે વર્ષમાં ઈઝરાયલનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જશે. ફરી એક વખત બંને વચ્ચે પુતિનનો મુદ્દો ઉઠયો હતો અને કમલા હારિસે જવાબ આપતા કહ્યું કે પુતિન ટ્રમ્પને લંચમાં ખાઈ જાય તેવા છે.

ટ્રમ્પે અમેરિકામાંથી ગેરકાનુની વસાહતીઓને દુર કરવા જે એજન્ડા જાહેર કર્યો છે તેને આગળ વધારવાની ખાતરી આપતા કહ્યું કે આ માઈગ્રેટ લોકો ઈટીંગ કેટ જેવા છે જે અમેરિકાનો હિસ્સો ખાઈ જાય છે. લગભગ ૯૦ મીનીટની ડિબેટમાં પ્રારંભમાં હાથ મિલાવ્યા હતા અને સ્મિત પણ આપ્યું હતું. જોકે બંને આક્રમક મિજાજમાં જણાતા હતા અને અનેક વખત બંને વચ્ચે તીખી બહેશ થઈ હતી

# રાજય સરકારે ઈમ્પેક્ટ ફીનાં નવા દરો જાહેર કર્યા

## પાર્કિંગ સ્પેસના અભાવે વાહનો રોડ–શેરીમાં પાર્ક કરાય છે : બિલ્ડીંગના પાર્કિંગ સ્પેસમાં ગેરકાયદે બાંધકામને રેગ્યુલરાઈઝ કરવા સરકારે ફીનાં ધોરણો જાહેર કર્યા

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાત સરકારે ગેરકાયદે બાંધકામોને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફીના દરો જાહેર કર્યા છે. જે ભરીને કોઈ પણ પોતાનું ગેરકાયદે બાંધકામ નિયમિત કરી શકશે.

એક મહત્વપૂર્ણ પગલામાં, ગુજરાત રાજ્ય સરકારે ઈમ્પેક્ટ ફી લાદીને ગેરકાયદે પાર્કિંગની જગ્યાઓને કાયદેસર બનાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય મકાન માલિકોને રાહત આપશે, ખાસ કરીને કોર્મશિયલ સંકુલો કે જેમણે બેઝમેન્ટ પાર્કિંગ વિસ્તારોને દુકાનો અને ઓફિસોમાં રૂપાંતરિત કર્યા છે.

ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ બિલ-૨૦૨૨ પાર્કિંગ હેતુઓ માટે ઈમ્પેક્ટ ફી માળખાની રૂપરેખા આપે છે. રહેણાંક વિસ્તારો માટે, ૨૦૦ ચોરસ મીટર સુધીના ગેરકાયદે પાર્કિંગ માટે ચક્રવળદ્ધિ ફી રૂ. ૫,૦૦૦ પ્રતિ ચોરસ મીટર છે, જ્યારે વ્યાપારી વિસ્તારો માટે, તે પ્રતિ ચોરસ મીટર રૂ. ૧૦,૦૦૦ના દરે બમણી છે.

૨૦૦ થી ૫૦૦ ચોરસ મીટર વચ્ચેના વિસ્તારો માટે, રેસિડેન્શિયલ માટે દર ચોરસ મીટર દીઠ રૂ. ૬,૦૦૦ અને કોમર્શિયલ માટે રૂ. ૧૫,૦૦૦ પ્રતિ ચોરસ મીટર છે. ૫૦૦ ચોરસ મીટરથી વધુની ગેરકાયદેસર પાર્કિંગની જગ્યાઓ માટે, રહેણાંક માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૭,૫૦૦ અને કોમર્શિયલ માટે રૂ. ૨૦,૦૦૦ પ્રતિ ચોરસ મીટર છે.

આ દરો મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં લાગુ પડે છે. શહેરી/વિસ્તાર વિકાસ સત્તાવાળાઓ માટે, ફી મૂળ દરોના ૭૫% છે, નગરપાલિકા વિસ્તારો માટે તે ૬૦% છે અને અન્ય વિકાસ વિસ્તારો માટે તે ૫૦% છે.

અમદાવાદમાં ઘણી જૂની ઈમારતો, ખાસ કરીને ઈશ્રૃરોડ જેવા વિસ્તારોમાં, પાર્કિંગની નિયુક્ત જગ્યાઓનો અભાવ છે. જ્યારે પ્રારંભિક યોજનાઓમાં ઘણીવાર બેઝમેન્ટ પાર્કિંગનો સમાવેશ થતો હતો, ત્યારે આ જગ્યાઓને




વ્યવસાયિક ઉપયોગમાં રૂપાંતરિત કરવામાં આવી છે. અખઈએ અગાઉ પાર્કિંગ વિસ્તારોમાં ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરી હતી પરંતુ તેણે આ પગલાંનો સતત અમલ કર્યો નથી. નવી જોગવાઈઓ આ માળખાને કાયદેસર બનાવશે. ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ ડિસેમ્બર ૨૦૨૨ માં રાજ્યની વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

# મોરબી નગરપાલિકા દ્વારા ગણેશ વિસર્જન અંતર્ગત મૂર્તિ કલેક્શન પોઈન્ટ ઉભા કરાયા

મોરબી સહિત દેશમાં હાલ ગણેશ મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મૂર્તિ વિસર્જન સમયે કોઈ દુર્ઘટના ન થાય તેમજ લોકોની સુરક્ષા હેતુસર મોરબી નગરપાલિકા દ્વારા ગણેશજીની મૂર્તિ વિસર્જન કરવા માટે શહેરમાં અલગ અલગ ચાર સ્થળોએ મૂર્તિ કલેક્શન પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. મોરબી નગરપાલિકા ચીફ ઓફિસરની એક પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર મોરબી શહેરમાં ગણેશજીની મૂર્તિ વિસર્જન અંતર્ગત તથા મોરબી જીલ્લા કલેકટરના જાહેરનામા મુજબ નાગરિકોની સુરક્ષા માટે ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે નગરપાલિકા દ્વારા ૧)સ્કાય મોલ, શનાળા રોડ, ૨)પોલીસ પરેડ ગ્રાઉન્ડ. જેલ રોડ, ૩)એલ.ઈ.કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ, ૪)ગર્લ્સ હાઈસ્કુલ આમ આ ૪(ચાર) સ્થળોએ સવારે ૧૦:૦૦ થી સાંજના ૦૮:૦૦ વાગ્યા સુધી ગણેશજીની મૂર્તિઓના કલેક્શનના પોઈન્ટ રાખવામાં આવેલ છે જેથી આસપાસના નગરજનોએ ઉપરોક્ત કલેક્શન સેન્ટર ખાતે ગણેશ મૂર્તિઓ જમા કરાવી શકશો તેમ યાદીમાં જણાવ્યું હતું.

# મોરબીના ટીંબડી ગામ નજીક રામેશ્વર વે બ્રિઝ સામે જાહેરમાં વર્લીમટકાના આંકડાનો જુગાર રમતા એકની અટક

મોરબી–માળીયા હાઈવે ઉપર ટીંબડી ગામ નજીક રામેશ્વર વે બ્રિઝની સામે ખુલ્લા મેદાનમાં નોટબુકમાં વર્લી ફિચર્સના આંકડાઓ લખી નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમી રહેલા સલીમભાઈ ઈશાકભાઈ શેખફકીર ઉવ.૨૮ રહે.વીસીપરા કુલીનગર–૧ મોરબીવાળાને તાલુકા પોલીસ દ્વારા પકડી લેવામાં આવ્યો છે. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમવાના સાહિત્ય તથા રોકડા ૩૨૦/–સહિતના મુદ્દામાલ કબ્જે લઈ આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાખી જાળીયા ગામે પોષણ માસ નિમિતે આઈ.સી.ડી.એસ દ્વારા કાર્યક્રમ યોજાયો

## ઉપલેટા ઘટક મા પોષણ માસની ઉજવણી કરવામા આવી રહી છે



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ગુજરાત સરકાર અને મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા તારીખ ૨ થી ૩૦ સપ્ટેમ્બર સુધી પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગરૂપે ઉપલેટા ઘટક તમામ સેજામાં પોષણ માહ ની ઉજવણી કરવામાં આવેલ છે. સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી ઉર્વશી બા જાડેજા પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર સાવન ભાઈ મહીડા એન એન એમ રાજદીપ ભાઈ ગજેરા હાજર હતા રાજ્ય સરકાર તરફ ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રીય પોષણમાં હની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત આઈસીડીએસ વિભાગ ના ઉપલેટા ઘટક દ્વારા પોષણ માહની ઉજવણીના ભાગરૂપે સગર્ભા માતા રાત્રી માતા તથા કિશોરીઓને એનિમીયા બાળક પ્રથમ સોનેરી ૧૦૦૦ દિવસ સ્વચ્છતા પૌષ્ટિક આહાર ઝાડા નિયંત્રણ વિશે માહિતી આપી હતી તેમજ ટી એચ આર અને મિલેટ માંથી વાનગીઓ બનાવી નિદર્શન કરવામાં આવ્યું અને મોવિયા સેજામાં એનિમિયા વિશે શાળામાં કિશોરીઓને માર્ગદર્શન આપેલ અને પોષણ રેલીનું આયોજન કરેલ છે

મહિલાઓ અને કિશોરીઓ તંદુરસ્ત રહે અને સુપોષિત ભારત સાક્ષર ભારત સશક્ત ભારત સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરી શકાય તે માટે વિવિધ કાર્યક્રમો સપ્ટેમ્બરમાં દરમિયાન ઉજવણી કરવામાં આવશે.

# જામનગરના હાપા યાર્ડમાં ચાઈના લસણનો વિરોધ



જામનગર થોડા દિવસ પહેલા જ રાજકોટના ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ચાઈના નું લસણ મળી આવ્યું હતું. ચાઈનાના લસણના કારણે ભારતના વેપારીઓ ખેડૂતો અને સામાન્ય લોકોને પણ ખૂબ જ નુકસાની પહોંચે છે. ભારતમાં ચાઈનાના લસણ પર પ્રતિબંધ હોવાથી લે ભાગુ તત્વો દ્વારા નાના નાના યાર્ડમાં આ લસણ ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે જોકે જાગૃત વેપારીઓ દ્વારા યાડમાં સંપૂર્ણપણે ચાઈનાના લસણનો બહિષ્કાર કરવામાં આવે છે. ભલે ચાઈનાના લસણનો ભાવ ઓછો હોય દેખાવે સારું હોય પરંતુ લાંબા ગાળે ખૂબ જ નુકસાનકારક હોય છે. જામનગરમાં પણ વેપારી એસોસિએશન દ્વારા ચાઈનાના લસણનો વિરોધ કરવામાં આવ્યો હતો. હા તો યાદ માં વેપારીઓ ખેડૂતો દ્વારા ચાઈનાના લસણનો વિરોધ કરવામાં આવ્યો હતો અને સૂત્રોચાર કરવામાં આવ્યા હતા.

# મોરબી–૨ સીરામીક સીટી નજીકથી યુવક બિયરના ૬ ટીન સાથે પકડાયો

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સામાકાંઠા વિસ્તારમાં આવેક સીરામીક સીટી નજીક પાનની દુકાન પાસેથી કિંગફિશર સુપર સ્ટ્રોંગ બિયરના ૬ ટીન સાથે રફીકભાઈ મામદભાઈ ચાનીયા ઉવ.૨૫ રહે.સો–ઓરડી જારીયાપાનની સામે મોરબી–૨ વાળાને પકડી લેવામાં આવ્યો હતો. પોલીસે બિયરનો જથ્થો કબ્જે લઈ પકડાયેલ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરના કૃષ્ણનગર વિસ્તારમાં રસ્તા પર ઉભેલી ગાય સાથે કુકર્મ આચરતા શખ્સનો વીડિયો વાઈરલ થતા ફિટકાર

જામનગર શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં રસ્તા પર ઉભેલી એક ગાય સાથે કુકર્મ આચરી રહેલા એક નરાધમનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા લોકોમાં અને ગૌપ્રેમીઓમાં ફિટકારની લાગણી પ્રસરી છે. પોલીસ દરમિયાન નરાધમની ઓળખ કરીને તેની સામે ગુનો પણ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી મુજબ શહેરમાં કૃષ્ણનગર વિસ્તારમાં શિશુ મંદિર સ્કૂલ પાસે આવેલ ચોકમાં એક શખ્સ ગાય સાથે કુકર્મ આચરતો વીડિયો સામે આવતા શહેરભરમાં ચકચાર મચી છે. અને પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે જગદીશ પરબતભાઈ નસીબ નામના શખ્સ વિરુદ્ધ કલમ ૨૯૯ તેમજ પશુ પ્રત્યેક ઘાતક પણાની ૧૯૬૦ ની કલમ ૧૧(૧) ક મુજબ ફરીયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.વાઈરલ વીડિયોની તપાસ કરી પોલીસે શખ્સની ઓળખ કરી હતી અને ગુનો નોંધ્યો હતો. આરોપી પોલીસના હાથવેંતમાં જ હોવાનું જાણવા મળ્યું છે. જામનગરમાં પશુ સાથે ક્રુરતાપૂર્વકનું વર્તન કરનાર આ શખ્સ સામે હાલ તો લોકો અને ગૌપ્રેમીઓમાં ફિટકારની લાગણી પ્રસરી છે.

# માર્કેટ ભાવ કરતા ઓછામાં શેર અપાવવાની લાલચ બતાવી છેતરપિંડી કરનાર શખ્સ ઝબ્બે

જામનગરના એક આસામીને માર્કેટ ભાવ કરતા ઓછા ભાવે શેર અપાવી દેવાની લાલચ બતાવી રાજકોટના એક શખ્સે રૂ. ૬૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. તેની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં થયા પછી પોલીસે આ શખ્સને રાજકોટમાંથી પકડી પાડ્યો છે.જામનગર જિલ્લામાં વસવાટ કરતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા એક આસામીને વોટ્સએપ પર થોડા સમય પહેલાં મેસેજ આવ્યો હતો જેમાં શેરખાન મેક્સ ટ્રેડીંગ કંપનીના શેરમાં રોકાણ કરવા અને માર્કેટ ભાવ કરતા ઓછા ભાવે શેર અપાવી દેવા લાલચ આપવામાં આવી હતી. ત્યારપછી આ આસામીએ રસ દાખવતા તેમના મોબાઈલમાં મેક્સ ટ્રેડીંગ કંપનીની બનાવટી એપ ઈન્સ્ટોલ કરાવવામાં આવી હતી અને જુદા જુદા બેંક એકાઉન્ટમાં રૂ. ૬૦ લાખ ૩૬ હજાર ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. આ બાબતની સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી.જામનગર સાયબર ક્રાઈમના પીઆઈ આઈ.એ. ધાસુરા તથા ટીમના પ્રણવ વસરા, ભગીરથસિંહ જાડેજા, દર્ષિત સીસોદીયા, વિક્કી ઝાલાએ ટેકનિકલ એનાલિસિસ કર્યા પછી આ ગુન્હામાં રાજકોટના મોટા મૌવામાં રહેતા અમિત કિશોરભાઈ ખખ્ખર નામના શખ્સની અટકાયત કરી છે. આ શખ્સ વોટ્સએપ પર મેસેજ કર્યા પછી બનાવટી એપ મારફત રોકાણ કરાવતો હતો અને ઓછા ભાવે શેર અપાવી દેવાનું કહી શરૂઆતમાં નાની રકમના રોકાણ સામે વધુ પ્રોફીટ બતાવી વિશ્વાસ કેળવ્યા પછી મોટી રકમના રોકાણનું પ્રલોભન આપી તે રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરતો હતો. સાયબર ક્રાઈમે તેની પૂછપરછ હાથ ધરી છે.

# જામનગર કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતીની બેઠક મળી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતીની સળંગ ૫૫ મી બેઠક મળી હતી.જેમા જિલ્લાના પાણીને લગતા વિવિધ આયોજનોને સૈદ્ધાંતિક મંજુરી અપાઈ હતી.બેઠકમા રિજવીનેશન પ્રોગ્રામ ૨૦૨૪-૨૫ અંતર્ગત જામનગર જિલ્લાના સતાપર, ખડ-ખંભાળીયા, ધુડશીયા અને આણંદપર ગામો માટે નવીન બોર, કુવા અને તેના પર જરૂરી એસેસરીઝ સાથે ફાળવવાની કામગીરીને સૈદ્ધાંતિક મંજુરી અપાઈ હતી.મોટી લાખાણી ગામે ભરવાડવાસ માટે પાણીનો ટાંકો, પાઈપલાઈન પંપીંગ મશીનરી, વિજકરણ અને સંલગ્ન કામગીરી હાથ ધરવા તથા ગ્રામ્ય કક્ષાની આંતરીક પાણી પુરવઠા યોજનાની મરામત અને



નિભાવણીની કામગીરી પ્રાથમીક કૃષિ ધિરાણ મંડળી અને સેલ્ફ હેલ્પ ગ્રુપ મારફત હાથ ધરવા અંગે ચર્ચા કરાઈ હતી.સાથે સાથે ભારત સરકારના નેશ્નલ જલ મિત્રસ્ત્રસ્ત્ર કાર્યક્રમના અમલીકરણ અને જામનગર જિલ્લામાં પાણીવેરા વસુલાત કરવા ગામોની સમીક્ષા કરાઈ હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતીના યુનિટ મેનેજર ભાવીકાબા જાડેજા સહિત સમિતીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીની દર્પણ સોસાયટીના મકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો,ટીપ આપનારની અટકઃ અન્ય બે ની શોધખોળ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના રવાપર રોડ ઉપર આવેલ દર્પણ સોસાયટીના રહેણાંક મકાનમાં થયેલ ચોરીનો ભેદ સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા ઉકેલી બંધ મકાન છે તેની ટીપ તથા આશરો આપનાર નેપાળી યુવકની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ચોરીને અંજામ આપનાર બંને નેપાળી આરોપીની શોધખોળ શરૂ કરી છે. ચોરીના બનાવની ટુક વિગતો મુજબ મોરબીના રવાપર રોડ સ્થિત માણેક સોસાયટીના રહેણાંક મકાનમાં રહેતા હિતેનભાઈ પલાણ પરિવાર સાથે સાતમ આઠમના તહેવાર ઉપર ઘર બંધ કરી બહારગામ ગયા હતા ત્યારે ગત તા.૦૧/૦૯ ના રોજ તેમના બંધ મકાનના તાળા તોડી ઘરમાંથી રોકડા ૭૦ હજારની ચોરી થઈ હતી. ત્યારે હિતેનભાઈ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ઘરફોડ



ચોરીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઘરફોડ ચોરીના બનાવની તપાસ દરમિયાન પોલીસ દ્વારા અલગ અલગ ટીમ બનાવી તેમજ બનાવ સ્થળની આસપાસ તથા શહેરમાં લગાવવામાં આવરલ નેત્રમ સીસીટીવી ને આધારે તપાસ ચલાવી હતી તે દરમિયાન હ્યુમન સોર્સીસ દ્વારા મળેલ બાતમીને આધારે ચોરી કરવા બંધ મકાનની ટીપ આપનાર તેમજ અન્ય બે ચોરને આશરો આપનાર આરોપી પંકજ બિશેભાઈ ઢોલી ઉવ.૨૮ રહે.મોરબી રવાપર ગોલ્ડન માર્કેટ પાછળ વિરાટ–એ એપાર્ટમેન્ટના પાર્કીંગમાં મુળ રહે.રાકુ(શીરવાડી) ગાવ (નેપાળદેશ)ની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં આરોપી દ્વારા ટીપ મુજબના બંધ મકાનમાં ચોરી કરનાર આરોપી હેમરાજ મનબહાદુર સાહી રહે. મુળરહે.રાકુ(શીરવાડી) ગાવ(નેપાળદેશ) તથા ભીમબહાદુર શીજુસાહી મૂળરહે.રાકુ(શીરવાડી) ગાવ (નેપાળદેશ)ના નામની કબુલાત આપતા તે બંને આરોપીઓને ફરાર દર્શાવી તેની શોધખોળ શરૂ કરી છે. જ્યારે પકડાયેલ આરોપી પંકજ ઢોલી પાસેથી રોકડા ૩,૦૦૦ તથા મોબાઈલ ફોન સહિત ૮,૦૦૦/–નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે.

# જામનગરમાં મકાનમાં જુગાર રમતા ત્રણ મહિલા સહિત સાત વ્યક્તિ પકડાયા

જામનગરના સુભાષપરા વિસ્તારમાં એક મકાનમાં જામેલી જુગારની મહેફિલ પર પોલીસે દરોડો પાડ્યો હતો. ત્યાં તીનપત્તી રમતા ચાર શખ્સ સહિત સાત વ્યક્તિ ઝડપાયા છે. રોકડ, સ્કૂટર મળી રૂ. ૭૭ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે લેવાયો છે. રણજીતનગર પાસે જૂના હુડકોમાંથી ઘોડીપાસા ખેલતા પાંચ શખ્સ ઝડપાઈ ગયા છે.જામનગરના શંકરટેકરી વિસ્તારમાં આવેલા સુભાષપરા શેરી નં.૧માં એક મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી સી ડિવિઝનના સ્ટાફે એક વાગ્યે સાગર કાંતિભાઈ દેવીપૂજક નામના શખ્સના મકાનમાં દરોડો પાડ્યો હતો.ત્યાં સાગરને નાલ આપી ગંજીપાના વડે જુગાર રમતા શંકર વીરાભાઈ પરમાર, સુરેશ નારણભાઈ ઠાકેડા, જીતુ બુધાભાઈ સોલંકી, તેજલબેન સાગરભાઈ, સુનિતાબેન કિશોરભાઈ ઠાકેડા, લાભુબેન જીતુભાઈ સોલંકી નામના છ વ્યક્તિ મળી આવ્યા હતા. પટમાંથી રૂ. ૪૭,૮૫૦ રોકડા, એક સ્કૂટર મળી કુલ રૂ. ૭૭,૮૫૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. સાતેય સામે જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુન્હો નોંધાયો છે.

# ધોરાજીની ભાદર નદીમાં ઝંપલાવી જુનાગઢના પિતા-પુત્રનો આપઘાત

**મુખ્ય સમાચાર, ધોરાજી**

જુનાગઢના દાતાર રોડ પર પાંજરાપોળ વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષીય હિરેન જયસ્વાલ તેમજ તેમના ૦૯ વર્ષના પુત્ર રીયાંશ અને પુત્રી સાથે જુનાગઢથી ધોરાજી ખાતે ફરવા આવેલ. મોડી રાત્રે પિતા જૂનાગઢ તરફ જવાના હતા ત્યારે હિરેને પોતાના ભત્રીજાને ફોન કરી વરસાદ હોય તે માટે તેડી જવા માટે જણાવ્યું હતું અને થોડીવાર બાદ હિરેનની માસુમ પુત્રીએ પોતાના મામાને ફોન કરી પિતા અને ભાઈએ પુલ પરથી નદીની કુદી પડ્યા છે અને પુત્રી એકલી ઉભી છે તેવી વાત કરી હતી જેથી બાળકીના મામા અને તેમનો પરિવાર સહિત ધોરાજી ખાતે બનાવ સ્થળ પર દોડી આવ્યા હતા.

આ બનાવ અંગે ફાયર વિભાગ અને પોલીસ વિભાગને જાણ કરવામાં આવી હતી જેમાં હિરેનના કૌટુંબિક સસરા



કિરીટભાઈ જયસ્વાલ દ્વારા જણાવ્યુ હતું કે મૃતક હિરેનની પત્ની મજૂરી કામ કરે છે જ્યારે હિરેન રિક્ષા ચલાવી ગુજરાત ચલાવે છે જેમાં બનાવના દિવસે હિરેન તેમના સંતાનોને લઈને ધોરાજી જવા માટે નીકળ્યો હતો જ્યાં સાંજે તેમને વરસાદ આવતો હોય ત્યારે તેડી જવા માટે ફોન કર્યો હતો અને આ ફોન કર્યા બાદ થોડો સમય બાદ આ ઘટનાની જાણ થતા પરિવારજનોમાં ભારે શોક વ્યાપી ગયો હોવાનું સામે આવ્યું છે ત્યારે હિરેન દ્વારા આ પ્રકારનું પગલું શા માટે ભરી લીધું છે તે અંગે હજુ સુધી કોઈ પણ પ્રકારની માહિતીઓ સામે આવી નથી. ધોરાજી તાલુકા પીઆઈ દ્વારા ઊંડાણપૂર્વક તપાસના ધબધબાટ પણ શરૂ કરવામાં આવ્યા છે. ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ. આર.ગોહિલ દ્વારા જણાવ્યું હતું કે, મૂળ કોડીનારના છાછરા ગામના વતની અને છેલ્લા પાંચ વર્ષથી જૂનાગઢમાં ભવનાથ રોડ પર રહેતા ૪૨ વર્ષીય હિરેનભાઈ જયશ્વાલ અને તેઓના ૦૯ વર્ષીય પુત્ર રિયાંશ જયશ્વાલ દ્વારા રાત્રીના ધોરાજી–ઉપલેટા રોડ પર ભાદર નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી હોવાની માહિતી મળતા પોલીસ અને ફાયર વિભાગ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. આ ઘટના બાદ સવારે ૧૧ વાગ્યા આસપાસ બન્નેના મૃતદેહ મળી આવ્યા હતા જેને પોસમોર્ટમ અર્થે ધોરાજી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં પરિવારજનો પણ બનાવ અંગે કોઈ કારણ જાણતા ન હોવાથી પોલીસે હાલ મૃતદેહનું પી.એમ. કરાવી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં સિદ્ધિવિનાયકા રાજા ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન

## છેલ્લા ૧૫ વર્ષથી ગણેશ ઉત્સવની ભવ્યાતીભવ્ય ઉજવણી કરવામાં આવે છે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં પવૃક્ષો બચાવો, પર્યાવરણ બચાવોથ થીમ ઉપર સિદ્ધિવિનાયક કા રાજા ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રવાપર ગામ એસપી રોડ ઉપર અરવિંદભાઈ બારૈયા આયોજિત સિદ્ધિવિનાયક કા રાજા ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા આ વર્ષે પણ ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ તકે અરવિંદભાઈ બારૈયાના પુત્ર ઓમ બારૈયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે છેલ્લા ૧૫ વર્ષથી સિદ્ધિ વિનાયક કા રાજા ગણપતિ મહોત્સવનું આયોજન કરી રહ્યા છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ એક નવી થીમ એક નવા સંદેશ સાથે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગયા વર્ષે ભગવાન રામલલ્લાની ભવ્ય થિમ્સ સાથે સૌરાષ્ટ્રની સૌથી બેસ્ટ કલાકૃતિમાં જેની ગણના થઈ હતી. જ્યારે વર્તમાન વર્ષે પજંગલ થીમથ રાખવામાં આવી છે. જેમાં પર્યાવરણ અને વૃક્ષોને બચાવી તેનું જતન કરવાના અતિ સુંદર સંદેશ સાથે સિદ્ધિ વિનાયક કા રાજા ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

જ્યારે અરવિંદભાઈ બારૈયા દ્વારા જણાવ્યું હતું કે ગણેશ ઉત્સવનું મોરબીના શનાળા રોડ ગુજરાત હાઉસિંગ બોર્ડથી શરૂઆત કરી હતી ત્યાર બાદ ચિત્રકૂટ સોસાયટી અને ત્યાર બાદ રવાપર રોડ એમ છેલ્લા ૧૫ વર્ષથી સિદ્ધિ વિનાયક કા રાજા ગણેશ ઉત્સવ સમિતિ દ્વાએ ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે સેવ ટ્રી,સેવ એનવાયરમેન્ટના



અલગ કોન્સેપ્ટ સાથે ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સાથે અરવિંદભાઈ બારૈયા તથા સિદ્ધિ વિનાયક કા રાજા ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા મોરબીમાં એક ગણેશ ભગવાનના ભવ્ય મંદિર બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. જેમાં મુંબઈ સ્થિત સિદ્ધિ વિનાયક કા રાજા ગણેશ મંદિરની જ્યોત આ મંદિરમાં સ્થાપિત કરવામાં આવી આવતા બે વર્ષમાં આ ગણેશજીનું મંદિર બની જશે ત્યારે અરવિંદભાઈ દ્વારા કરવામાં આવેલ સંકલ્પને પૂર્ણ કરવા ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે સાથે જોડાય આ ભવ્ય મંદિર બનાવવા સાથ સહકાર આપે તેવી મોરબીવાસીઓને અપીલ કરવામાં આવી છે.

# પ્રદ્યુમન પાર્ક ખાતે આવેલ ઝુના વિકાસ માટે ૨.૯૫ કરોડના ખર્ચેને મંજુરી

## સ્ટે.કમીટીની બેઠકમાં ૪૫ દરખાસ્તાને લીલીઝંડી : વિકાસ કામો પાછળ રૂા.૩૮.૧૫ કરોડ ખર્ચાશેઃ વૃક્ષારોપણનો નવો કોન્ટ્રાકટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે.કમીટીની મીટીંગ આજે બપોરે ૧૨ વાગ્યે ચેરમેન જયમીન ઠાકરે બોલાવી હતી અનેક મહત્વની દરખાસ્તો સહિત કુલ ૪૬ પ્રસ્તાવો પર મીટીંગમાં નિર્ણય લેવા માટે એજન્ડા બહાર પાડવામાં આવ્યો છે. સામાકાંઠે વોર્ડ નં.૫માં આવેલા બાજપેયી ઓડિટોરીયમ પાસેના અનામત પ્લોટમાં લોકો માટે ૨.૨૯ કરોડના ખર્ચે વોકીંગ ટ્રેક, કમ્પાઉન્ડ વોલ, વોંકળા પર કલ્વર્ટ સહિતનું કામ કરવા સ્ટે.કમીટીમાં દરખાસ્ત આવી વફશિં આ ઉપરાંત નવા વર્ષમાં વૃક્ષારોપણ સહિતના કામો અંગે પણ મીટીંગમાં નિર્ણય કરવામાં આવ્યો હતો આજે મળેલી બેઠકમાં રૂપિયા ૩૮.૧૫ કરોડના વિકાસ કામોને લીલીઝંડી અપાઈ હતી

પેડક રોડ પર અટલ બિહારી બાજપેયી ઓડિટોરીયમ પાસેના અનામત પ્લોટમાં ૩૬૦ રનીંગ મીટર વોકીંગ ટ્રેક, ૨૩૫ રનીંગ મીટર કમ્પાઉન્ડ વોલ, ૧૭૫ ચો.મી. સ્લેબ કલ્વર્ટ, ૧૮૫ રનીંગ મીટર રીટેઈનીંગ વોલ બનાવવા ૧.૭૮ કરોડનું ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું જેમાં માત્ર એક ઓફર આવતા રી-ટેન્ડર કરાયું હતું જેમાં ચૌહાણ હિરાભાઈ ચનાભાઈએ ૨૮.૮૯ ટકા અને અરમાન ઈન્ફ્રા.એ ૩૨.૮૫ ટકા વધુ ભાવ માંગ્યા હતા.

### હોર્ડિંગ કોન્ટ્રાકટ આપવા માટેનો પ્રસ્તાવ પેન્ડિંગઃ એજન્સીઓની મિલી ભગતની આશંકા

મહાપાલિકાની સ્ટે.કમીટીની કાલે મળનારી મીટીંગમાં શહેરમાં જુદા જુદા સ્થળે કુલ ૩૩ હોર્ડીંગ સાઈટ પર જાહેરાતના હકક આપવા માટેનો કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત મૂકવામાં આવી છે. તેમાં નવા ભાવ ઓછા આવ્યા હોય જે તે સાઈટ પર જુની એજન્સીને વર્તમાન દરે કોન્ટ્રાકટ ચાલુ રાખવા ભલામણ કરવામાં આવી છે. યાજ્ઞિક રોડ, સરદારનગર, હરીહર ચોક, રેસકોર્સ, જવાહર રોડ, કિસાનપરા, કાલાવડ રોડ, હોસ્પિટલ ચોક બ્રીજ, ગોંડલ-મવડી રોડ, જકુસ ચોકની સાઈટ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. તેમાં એક સાઈટ રદ કરવામાં આવી હતી. પાંચ એજન્સીને ડિસ્કવોલીફાય જાહેર કરવામાં આવી હતી. તો મંત્રા, જાઝમીન, સાકેત, પરિવાર એજન્સીના ભાવ ખોલવામાં આવ્યા હતા. અમુક સાઈટ માટે રી-ટેન્ડર કરવામાં આવ્યા છે. તો અમુક સાઈટ રદ્દ કરવામાં આવી છે. પરંતુ રેવન્યુ લોસ ન જાય તે માટે ૧૦ સાઈટ પર જુની એજન્સીઓને છેલ્લા વર્ષના ભાવે કામ ચાલુ રાખવા પરવાનગી અપાશે. અમુક સાઈટ પર ભાવ ન આવ્યા હોય, નવા કામ આપવા સાથે જુની સાઈટ નવા ભાવે ચાલુ કરવા દરખાસ્ત મૂકવામાં આવી હતી પરંતુ એજન્સીઓની મિલીભગત ની આશંકાએ હાલ આ દરખાસ્ત પેન્ડિંગ રખાય છે


(તસ્વીરઃ આનંદ જાવિયા)

આથી હિરાભાઈ ચૌહાણને જીએસટી અને ઓન સહિત ૨.૨૯ કરોડમાં કામ આપવા દરખાસ્ત આવી છે. જે મંજૂર કરાઈ છે શહેરની સ્ટ્રીટ લાઈટ જાળવણી માટેનો કોન્ટ્રાકટ ઓકટોબર-૨૦૨૪માં પૂરો થઈ રહ્યો છે. આથી નવી એજન્સી માટે રી-ટેન્ડર કરાતા નવ એજન્સીએ ઝોન અને વોર્ડ વાઈઝ ભાવ આપ્યા છે.

# અગ્નિકાંડની ઘટના બન્યા બાદ રાજકોટ મનપા જાગી : ૪૨૮ કર્મચારીઓની ભરતી કરવા તૈયારી

## મહાનગર પાલિકાએ ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવાનો નિર્ણય લીધોઃભરતી કરવામાં આવ્યા બાદ મનપામાં કુલ ૬૯૬ કર્મચારીનો સ્ટાફ થઈ જશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડની ઘટના બન્યા બાદ મહાનગર પાલિકાએ આજે ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવાનો નિર્ણય લીધો છે. મળતાં અહેવાલો મુજબ મનપાએ ચીફ ફાયર ઑફિસર સહિત ૪૨૮ કર્મચારીઓની ભરતી કરવાની તૈયારીઓ શરુ કરી દીધી છે. હાલ રાજકોટ મનપામાં ૨૫૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે, ત્યારે આ ભરતી કરવામાં આવ્યા બાદ મનપામાં કુલ ૬૯૬ કર્મચારીનો સ્ટાફ થઈ જશે.

આ ભરતી પ્રક્રિયા માટે આવતીકાલે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવશે. આ ઉપરાંત અગ્નિકાંડ સહિત અપ્રમાણસરની મિલકતોના કેસના આરોપી પૂર્વ ટાઉન પ્લાનિંગ ઑફિસર એમ. ડી. સાગઠિયા સામે અઈઈના ગુના અંગે કામ ચલાવવા સહિત ૪૬ જેટલી દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ૨૫મી મેના રોજ ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગી હતી, જેમાં ૨૭ લોકોના મોત થયા હતા. આ ઘટનાની તપાસમાં મનપાની ફાયર શાખાના અધિકારીઓ જવાબદાર હોવાનો ખુલાસો થયો હતો.

બીજી તરફ હાઈકોર્ટે અને રાજ્ય સરકારે પણ આવી ગંભીર બેદરકારી અને ગુના રોકવા માટે અનેક નિર્દેશો જાહેર કર્યા હતા, ત્યારે આવી ઘટના અટકાવવા અને બેદરકારી કરતાં તત્ત્વો પર ધ્યાને કેન્દ્રિત કરવા પર વિશેષ ધ્યાન આપવા મનપા દ્વારા ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવાની તૈયારી શરુ કરી દેવાઈ છે. તેથી મનપાનો સેટઅપ તૈયાર કરવા તેમજ નવી ભરતી પ્રક્રિયાના નિયમો પણ ઘડી કાઢવામાં આવ્યા છે.



મહાનગરપાલિકા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ શાખાનું સ્ટાફ સ્ટેઅપ રિવાઈઝ કરવા તેમજ ભરતીના નિયમોમાં ફેરફાર કરવાની દરખાસ્ત આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં કમિશ્નર દેવાંગ દેસાઈએ મોકલી અપાયા છે.

રાજકોટ મહાનગર પાલિકાના ઈતિહાસની સૌથી મોટી ભરતી કરવાની તૈયારી કરાઈ છે, જેમાં એક ચીફ ફાયર ઑફિસર, એક ડેપ્યુટી ઑફિસર, એક ઓએસ, ૧૬ સ્ટેશન ઑફિસર, ૨૬ લિડિંગ ફાયરમેન, ૧૧ કલાર્ક, ૧૬૮ ફાયર ઓપરેટર, ૩૦ ડ્રાઈવર, બે પટાવાળા, ૧૨ કલીનરનો સમાવેશ થાય છે. મળતાં અહેવાલો મુજબ ડેપ્યુટી ફાયર ઑફિસરની તેમજ સ્ટેશન ઑફિસરની લાયકાતમાં સુધારો કરવામાં આવશે.

અન્ય પોસ્ટની વાત કરીએ તો મનપા દ્વારા રિવાઈઝ સેટઅપમાં ચીફ ફાયર ઑફિસરની એક જગ્યા, ડેપ્યુટી ઑફિસરની બે, મેનેજરની બે, ઓએસ, ડિવિઝનલ ઑફિસરની ચાર નવી જગ્યા, ૩૨ સ્ટેશન ઑફિસર, ૭૦ નવા ફાયર સબ ઑફિસર, ૪૪ નવા લિડિંગ ફાયરમેન, ૧૦ નવા વર્ક આસિસ્ટન્ટ, ત્રણ નવા સિનિયર અને ત્રણ જુનિયર કલાર્કની જગ્યા તેમજ ૨૭૨ નવા ફાયર ઓપરેટરની જગ્યા ઊભી કરવામાં આવશે.

યોજાનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ અંગે નિર્ણય થયા બાદ ભરતીની પ્રક્રિયા શરુ કરાશે.

# ઉનાના મેણ ગામના પ્લોટ વિસ્તારમાથી જાહેરમાં જુગાર રમતાં નવ ઝડપાયા

**મુખ્ય સમાચાર, ઉના**

જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ ઝાંજડીયા સાહેબ તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી ઉના વિભાગ ઉનાનાઓ દ્વારા પ્રોહી-જુગાર અંગેની પ્રવૃતિ નેસ્ત- નાબુદ કરવા સખત સુચના કરેલ હોય જે અંગે ઉના પો.ઈન્સ.શ્રી. એમ.એન.રાણા નાઓની સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પોલીસના માણસોની ટીમો બનાવી પ્રોહી-જુગારના ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચના માર્ગદર્શન આપેલ હોય જે સુચના મુજબ આજરોજ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ ધમેન્દ્રસિંહ માનસિંહ પરમાર એ.એસ.આઈ. જોરૂભા નારણભાઈ મકવાણા તથા પોલીસ હેડ કોન્સ. શાંતીલાલ વેલાભાઈ સોલંકી તથા



નાનજીભાઈ સાર્દુળભાઈ ચારણીયા તથા હરપાલસિંહ મહાવિરસિંહ ચુડાસમા તથા પો કોન્સ વિજયભાઈ હાજાભાઈ રામ તથા રવિસિંહ પ્રદીપસિંહ ગોહીલ તથા અનિલભાઈ ભુપતભાઈ જાદવ એ રીતેના પો.સ્ટાફના માણસો ઉના પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો હેડ કોન્સ શાંતીલાલ વેલાભાઈ સોલંકી નાઓને બાતમી હકીકત મળેલ કે ઉના ના મેણ ગામે પ્લોટ વિસ્તારમાં જાહેરમાં ગંજીપતાના પૈસા પાના વડે તીનપતી નામનો પૈસાની હાર-જીતનો જુગાર રમી રમાડે છે.તેવી હકિકત આધારે રેઈડ કરતા ઉના વાળાઓને જુગારના સાહીત્ય તથા રોકડ- રૂ.૪૦૩૪૦/- ના જુગારના મુદ્દામાલ સાથે પકડી પાડી કાર્યવાહી કરી છે.

# ઊના ખજુદ્રા ગામે પોલા કાદા વિસ્તારમાં માં પોતાની ગુમ થયેલ બેન શોધવા આવેલ યુવાનોને ઢિકા પાટુનો મારમાર્યો



**મુખ્ય સમાચાર, ઉના**

ઉનાના ખજુદ્રા ગામે પોલા કાદા વિસ્તારમાં માં પોતાની ગુમ થયેલ બેન શોધવા આવેલ ભાવનગર.તથા જામનગર બે યુવાનો.ને ચોર સમજી મહિલાઓ તથા ગ્રામજનો એ બન્ને યુવાનો ને ઢિકા પાટું તથા પાના વડે મારમાર્યો.... વિડિયો થયા વાઈરલ... ઉના ના દરીયાઈ પટી ના ગામ મા ચોરી ની રાવ છે જેને લઈને જ્યારે ખજુદ્રા ગામ ના લોકો એ પોલીસ ને બોલાવ્યા પહેલા આ બન્ને યુવાનો ને લમધાર્યા..બાદ ઉના પોલીસ સ્ટેશન લાવવા મા આવ્યા હતા પોલીસે બન્ને યુવાનો ની પુછપરછ કરી.જતુ કર્યું હતું .ચોર ચોર ની ગેર સમજ માં ખજુદ્રા ગામે બેન ને શોધવા આવેલ નિર્દોષ યુવાનો ને મળ્યો મેથી પાક .

તસવીર :- અબ્દુલ પઠાણ ઉના ગીર સોમનાથ

# સૌર ઉર્જાનો ઉપયોગ કરવા રાજકોટ રેલવે ડિવિઝનની પહેલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા સૌર ઊર્જાનો સદુપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં રાજકોટ ડિવિઝન હેઠળ આવતા ૧૮ સ્ટેશનો અને ૭ ઓફિસ બિલ્ડીંગો પર ૫૩૯ કિલોવોટ ક્ષમતાની સોલાર પેનલો, રૂ. ૩૫ લાખથી વધુની બચત થઈ છે. પશ્ચિમ રેલ્વેનો રાજકોટ ડિવિઝન ૨૦૩૦ સુધી ''નેટ ઝીરો કાર્બન એમિટર'' હાંસલ કરવાના રેલવેનાં લક્ષ્યાંકને પૂર્ણ કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. છેલ્લા નાણાકીય વર્ષમાં તેનો ખૂબ સારો લાભ પણ મળ્યો છે.

રાજકોટનાં ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારના જણાવ્યા મુજબ, પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને આગળ વધારતા, રાજકોટ ડિવિઝન ગ્રીન અને રિન્યુએબલ એનર્જી તરફ મોટા કદમ ઉઠાવી રહ્યું છે. રાજકોટ ડિવિઝન તેની વીજ જરૂરિયાતો માટે સૌર ઉર્જાનો ઉપયોગ કરી રહ્યું છે અને પુનઃપ્રાપ્ય ઉર્જાનો ઉપયોગ વધારવા માટે વિવિધ પગલાં લીધા છે. જેના સારા પરિણામો સામે આવી રહ્યા છે. રાજકોટ ડિવિઝનનાં ૧૮ રેલ્વે સ્ટેશનો અને ૭ જેટલા રેલ્વે ઓફિસ બિલ્ડીંગો પર ૫૩૯ કિલોવોટ ક્ષમતાની સોલાર પેનલો સપ્ટેમ્બર સુધીમાં સ્થાપિત કરવામાં આવી છે. જેના કારણે આવક પણ થઈ છે. આ અંદાજે ૨૧ હજાર વૃક્ષોની કાર્બન શોષણ ક્ષમતા જેટલી છે. રાજકોટ ડિવિઝન પર સોલાર પેનલોએ છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૫૪૯૮૯ સઠવ (યુનિટ) વીજળીનું ઉત્પાદન કર્યું છે, જે ૩૬૪ ટનથી વધુના કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવા સમકક્ષ છે અને તેના પરિણામે કુલ રૂ. ૨૭.૧૮ લાખની બચત થઈ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (ઓગસ્ટ સુધી) દરમિયાન ૨૮૨૬૬૬ સઠવ (યુનિટ) વીજળીનું સૌર ઊર્જા ઉત્પાદન પ્રાપ્ત થયું હતું, જે ૨૨૬ ટનથી વધુના કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવાની સમકક્ષ છે



અને પરિણામે કુલ રૂ. ૧૮.૯૧ લાખની બચત થઈ છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ ડિવિઝને ગ્રીન એનર્જી સંસાધનોના ભાગરૂપે એલસી ગેટ પર સોલાર વોટર હીટર, સોલાર પેનલ્સ પ્રદાન કર્યા છે. તદુપરાંત, રાજકોટ ડિવિઝન કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાના રાષ્ટ્રના મિશનને હાંસલ કરવા મહત્તમ હદ સુધી તમામ ઈમારતોમાં સોલાર પ્લાન્ટ્સ સ્થાપિત કરવાનું આયોજન કરી રહ્યું છે. જેના કારણે આગામી સમયમાં વધુ લાભ તેમજ વધુ બચત થવાની શક્યતા છે.

# મનપા દ્વારા જન્માષ્ટમીના તહેવારની ઉજવણી અંતર્ગત યોજાયેલ મટકી ફોડસ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પવિત્ર શ્રાવણ માસના જન્માષ્ટમી તહેવારનિમિતે જન્માષ્ટમી પર્વ ઉજવણી અંતર્ગત તા.૨૪/૦૮/૨૦૨૪ થી તા.૨૮/૦૮/૨૦૨૪ સુધી જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરેલ હતું. જે અંતર્ગત ગત તા.૨૬/૦૮/૨૦૨૪ જન્માષ્ટમીના રોજ મટકી ફોડ સ્પર્ધા યોજાયેલ. મટકી ફોડ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૧/૦૮/૨૦૨૪ થી ૨૩/૦૮/૨૦૨૪ સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક સુધી દરેક વોર્ડની વોર્ડ ઓફીસ ખાતે ફોર્મ વિતરણ કરવામાં આવેલ. આ સમયગાળા દરમ્યાન જુદા જુદા વોર્ડ વિસ્તારના કુલ-૫૩ ગૃપ દ્વારા મટકી ફોડ સ્પર્ધામાં ભાગ લેવા ફોર્મ ભરવામાં આવેલ હતા. આ જુદા જુદા ૫૩ સ્થળો ખાતે જન્માષ્ટમીના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકે મટકી ફોડ સ્પર્ધા યોજાયેલ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયત કરેલ જજની ટીમ દ્વારા નિયત ધારાધોરણ મુજબ મૂલ્યાંકન કરી ક્રમાંક આપવામાં આવેલ. જે અંતર્ગત મટકી ફોડ સ્પર્ધામાં વિજેતા થયેલ ૦૫(પાંચ) ગૃપને આજ તા.૧૧/૦૯/૨૦૨૪, બુધવારના રોજ રાજકોટ મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટી હોલ ખાતે ઈનામ વિતરણકાર્યક્રમ યોજાયો.

આ ઈનામ વિતરણ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષદંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા અને વિજેતા થયેલ ગૃપને શુભેચ્છા પાઠવેલ હતી.

# વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ષષ્ઠીપૂર્તિ વર્ષનું આયોજન કરાયુંઃ હિન્દુ સમાજ સામે પડકારોને નાથવા અભિયાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ ના માધ્યમ થી પરિષદ ને ૬૦ વર્ષ પૂરા થયા નિમિત્તે ષષ્ઠી પૂર્તિ વર્ષ નું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભર માંથી પ્રખંડ સહ સંમેલનો નું વૃત એકત્ર થઈ રહ્યું છે ત્યારે ધ્યાન માં આવે છે કે ૭૦૦૦ થી વધુ પ્રખંડો માં સંમેલનો થઈ ગયા છે અને હજુ મોટી સંખ્યા માં સંમેલનોના આયોજન આગામી દિવસો માં થઈ રહ્યા છે. મૂળ રૂપ થી હિન્દુ સમાજ ની સામે જે પડકારો છે, વિશ્વ હિન્દુ પરિષદે જે કાર્ય જાગરણ માટે કર્યું છે, અને ઘણું વ્યાપક કાર્ય સમાજ ના પછાત વર્ગ માટે જે સેવા કાર્ય થઈ રહ્યા છે જેમકે શિક્ષા, સ્વાસ્થ્ય, આર્થિક સ્વાવલંબન, મહિલા સશકિતકરણ જેવા કાર્યો બધા ની સામે મૂકવામાં આવી રહી છે.જેમકે પડકારો છે લવ જેહાદ, વધતી જતી જેહાદી હિંસા, ગૌ હત્યા, ઈસાઈ મિશનરીઓ દ્વારા ચાલતી મતાંતરણો ની પણ જાણકારી હિન્દુ સમાજ ની સામે મૂકવામાં આવી રહી છે. આજના સમય



(તસ્વીરઃ આનંદ જાવિયા)

માં હિન્દુ હિત માં હિન્દુ સમાજે મતદાન કરવું જોઈએ પછી એ ઈલેકશન વિધાનસભા નું હોય કે લોકસભા નું, અને હિન્દુ હિત જ દેશ હિત છે આ વિષય પણ દેશ ભર માં બધા ની સામે મૂકવામાં આવી રહ્યું છે, તો એક મોટું વ્યાપક અભિયાન સંપૂર્ણ દેશ ભર માં સમાપ્ત થયું છે. દેશ ભર મા ઘણી જેહાદી હિંસાની ઘટનાઓ ઘટી ગઈ છે ની જેમકે અત્યંત લોક પ્રિય એવો તહેવાર એટલે કે ગણેશ ઉત્સવ છે તો એમની શોભાયાત્રા કે એમના પંડાલો ઉપર જેહાદી તત્વો એ હુમલો કર્યો છે. સરકાર ને નિવેદન છે કે આવા જેહાદી તત્વો ને કઠોરતા પૂર્વક કચડી નાખવા જોઈએ.

જે પણ એમની રીતે કાનૂન પોતાના હાથ માં લે છે એ કોઈ પણ કાળે સ્વીકારવામાં નહી આવે અને એટલે જ આવી હિંસક શક્તિઓ ને કચડી નાખવા ની અતિ આવશ્યકતા છે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મદિવસ નાં દિવસ પર વિશ્વ હિન્દુ પરિષદ ની સ્થાપના થઈ. ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં બીજાના મહિલાઓની અપહરણની રાક્ષસી પ્રવૃત્તિ દેખાડવા વાળા નરકાસુર નો પણ ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા વધ કરવામાં આવ્યો હતો અને ને સોળ હજાર કન્યાઓ એમના કારાગૃહમાં હતી એની મુક્તિ માટે પણ ભગવાન શ્રીકૃષ્ણએ પ્રયાસ કર્યા. દુર્ભાગ્યથી આજે પણ આ રાક્ષસી પ્રવૃત્તિ બીજાની મહિલાઓનું અપહરણ કરી આજે લવ જેહાદ ના માધ્યમથી ફરી પ્રગટ થઈ રહી છે અને એટલે જ હિન્દુ સમાજે આ વિષય માં અત્યંત સતર્ક થઈને આ ઘટનાઓ તેમજ આવા પડકારો ની સામે લડવું જોઈએ અને એટલે જ લવ જેહાદ વિરુદ્ધ સંપૂર્ણ સમાજે જાગૃત હોવાની આવશ્યકતા છે. હિન્દુ સંખ્યા માં જે અસંતુલન આવી રહ્યું છે એમાં જેમકે મતાંતરણ, લવ જેહાદ અને સાથે સાથે અલગ અલગ દેશો થી વધતી જતી મુસ્લિમ ઘુસ પેઠ જે બધા કારણો છે એવું જ ઘટતું જતું હિન્દુ જન્મ દર આ પણ મહત્વનું કારણ છે એટલે જ વિશ્વ હિન્દુ પરિષદ આહવાન કરે છે કે પ્રત્યેક હિન્દુ પરિવાર માં ૨ કે ૩ બાળકો હોવા જોઈએ એના માટે હિન્દુ સમાજ ખૂબ જ ગંભીરતા થી વિચાર કરે.

# વિદેશી દારૂના ગુનામાં ત્રણ મહિનાથી નાસ્તો ફરતો બુટલેગર ઝડપાયો



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ મહિના પહેલા ઝડપાયેલા વિદેશી દારૂના ગુનામાં નાસ્તા ફરતા બુટલેગરને પોલીસે ઝડપી લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન વન એલસીબી ટીમના પી.એસ.આઈ સાગર હેડ કોન્સ્ટેબલ વિજેન્દ્રસિંહ ઝાલા તથા જીતુભા ઝાલા તથા મનરૂખગીરી ધર્મરાજસિંહ સહિત નો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારના ત્રણ મહિના પહેલા વિદેશી દારૂના ગુનામાં નાસ્તો ફરતો બુટલેગર કાલાવડ રોડ પર આવેલા આંબેડકર નગર શેરી નંબર ત્રણમાં હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોક્ત સ્થળેથી બુટલેગર એનિલ મુકેશ દાફડા નામના શખ્સને દબોચી લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

**દુઃખદ અવસાન / બેસણું**



મુળ હળવદ નિવાસી હાલ રાજકોટ લલિતાબેન લલિતકુમાર શુક્લ ઉંમર વર્ષ ૯૦ તે સ્વ. લલિતભાઈ જટાશંકર શુક્લના ધર્મપત્ની ને ઉમેશભાઈ શુક્લ (EX.ચીફ બુકિંગ સુપરવાઈઝર, વે.રેલવે, રાજકોટ), નીતાબેન ભરત ભાઈ દવે, નિશાબેન મુકેશભાઈ શુક્લ ના માતૃશ્રી તથા હર્ષ અને આકાશ ના દાદી તા. ૧૦/૦૯/૨૦૨૪ મંગળવાર ના રોજ અવસાન પામેલ છે,

પ્રભુ સદગત ના આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

બેસણું : ૧૨/૦૯/૨૦૨૪ ગુરૂવાર, સાંજે ૪.૩૦ થી ૬ કલાકે.
સ્થળ : ધ્યાનશંકર પ્રગટેશ્વર મહાદેવ મંદિર , પ્રકાશ સોસાયટી , નિર્મળા કોન્વેન્ટ સ્કૂલ ની સામે, રૈયા રોડ, રાજકોટ.

શુકલ પરિવાર ના જય શ્રી કૃષ્ણ

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટની યુવતીનું ઉંડાણના ગામ પાસે ટ્રકની ઠોકરે મોત



કપરાડા તાલુકાના ઊંડાણના ગામમાં ફરજ બજાવતા મહિલા ગ્રામસેવક પોતાની ફરજ ઉપર જઈ રહ્યા હતા ત્યારે મોપેડ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા ઘટના સ્થળે જ મહિલા ગ્રામસેવકનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતુ. મળતી માહિતી મુજબ થોડા સમય પહેલા જ તેમની સગાઈ નક્કી થઈ હતી અને ફેબ્રુઆરીમાં આ યુવતીના લગ્ન થવાના હતા.વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ઊંડાણના ગામમાં ફરજ બજાવતા કૃપાલીબેન સાંગાણી જેઓ મૂળ રાજકોટના રહેવાસી છે. ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની ફરજ ઉપર મોપેડ લઈને જઈ રહ્યા હતા, તે દરમિયાન દિનબારી ગામ પાસે મુખ્ય માર્ગ ઉપર પાછળથી આવતી એક ટ્રક કે જેનો નંબર એમ એચ ૧૧ ડીડી ૪૨૭૨ના ચાલકે તેમની મોપેડ નંબર જી જે 0૩ જે એ ૩૨૪૫ને ટકર મારતા તેઓ રોડ ઉપર નીચે પટકાયા હતા. જે બાદ ટ્રકના પાછળના ટાયરમાં આવી જતા તેમનું ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મોત નિપજ્યું હતું. કૃપાલીબેન ભાવેશભાઈ સાંગાણી મૂળ રહેવાસી રાજકોટ જેવો કપરાડા તાલુકાના સાહુડા સેજામાં આવેલા સરોવર ટાટી અને સિંગર ટાટી ગામમાં ગ્રામસેવક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ ધરમપુર ખાતે હાલ રહેતા હતા અને ત્યાંથી કપરાડા ખાતે પોતાની મોપેડ ઉપર રોજ અપડાઉન કરતા હતા. તેમના મૃતદેહને કપરાડાથી રાજકોટ લઈ જવા માટે તેમના સહકર્મી અને સરકારી કર્મચારીઓ પીએમ કરાવ્યા બાદ રાજકોટ લઈ જશે.

# વેપારીએ રૂા.૮૦ લાખ મેળવવાની લાલચમાં બે કરોડની માતબર રકમ ગુમાવી પડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ત્રણ શખ્સોએ રોકાણના રૂપિયા ૩૦ મિનિટમાં જ ટ્રસ્ટના એકાઉન્ટમાં કમિશન સાથે આવી જશે તેમ કહીને રાજકોટના વેપારી પાસે ૨ કરોડનું આંગડીયુ કરાવીને મોટી છેતરપીંડી આચરી હતી. રાજકોટના હોલસેલનો વેપાર કરતા વેપારીએ રકમ આપી દીધા બાદ પણ ટ્રસ્ટમાં ચાર કલાક સુધી ૨ કરોડ અને ૮૦ લાખ કમિશન જમા થયુ ન હતુ. જે બાદ વેપારીએ એજન્ટને ફોન કરતા તેણે વિવિધ બહાના કરીને ફોન સ્વીચ ઓફ કરી દિધો હતો. આ અંગે રાજકોટના વેપારીએ કાઈમ બાન્ચમાં ત્રણેય શખ્સો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પીઆઈએ જણાવ્યુ કે, મુંબઈથી કોઈ શખ્સે પૈસા ઉપાડીને દુબઈ હવાલો કરાવ્યાની શંકા છે હાલમાં તપાસ ચાલુ છે.રાજકોટમાં રહેતા ચેતન અમલાણી શ્રીજી એન્ટરપ્રાઈઝ નામથી અનાજ કરિયાણાનું હોલસેલ વેપાર કરીને પરિવારજનોનું ગુજરાન કરે છે. તેમણે ગત. માર્ચ ૨૦૨૩માં હિતેશ રાઠોડે ફોન કરીને કહ્યુ કે, તેમના ઓળખીતા અશ્વિન ઝનેરી ઈન્ડસ ટાવર્સ કંપની વતી કામ કરે છે તેમની બેથી ત્રણ સ્કીમો છે. જેમાં રોકડા નાણાંથી રોકાણ કરો તો તમારા એકાઉન્ટમાં કમિશન સાથે પુરા પૈસા પરત આવી જાય. ચૈતનભાઈએ હું અમદાવાદ આવીશ ત્યારે તેમને મળીશ તેમ હિતેશને કહ્યું હતુ. એક મહિના બાદ ચેતન અમદાવાદ આવ્યો ત્યારે તેણે હિતેશને ફોન કરીને અશ્વિન ઝવેરીને મળ્યા હતા. જ્યાં અશ્વિને કહ્યુ કે, ઈન્ડસ કંપનીના માલિક સંદિપ પાટીલ દુબઈ રહે છે અને તેમને કંપની માટે ફંડની જરૂરીયાત છે. જે ફંડ કંપની ફક્તને ફક્ત રોકડમાં બે છે અને કંપની રૂપિયા પરત કમિશન સાથે ટ્રસ્ટના બેંક એકાઉન્ટમાં આપે છે. જેમાં ત્રણ સ્કીમ મુજબ, (૧) ૨ કરોડના રોકાણ સામે ૨.૮૦ કરોડ મળે, (૨) ૫ કરોડના રોકાણમાં ૮ લાખ મળે, (૩) ૧૨ કરોડના રોકાણમાં ૧૮ કરોડ પરત મળે. બાદમાં અશ્વિને કહ્યુ કે, રોકાણના અડધા જ કલાકમાં રૂપિયા ટ્રસ્ટના એકાઉન્ટમાં આવી જશે. ચેતનભાઈ ના પરિચિત થનશ્યામભાઈ ટ્રસ્ટ ચલાવતા હોવાથી તેમના બેંક એકાઉન્ટમાં પૈસા લેવાનું નક્કી કર્યુ હતુ. ચેતનભાઈએ ૨ કરોડ રૂપિયા સિંધુભવન રોડ પર આવેલ વી.પટેલ ફાસ્ટ સર્વિસ આંગડીયા પેઢીમાં અશ્વિન ઝવેરી અને ઘનશ્યામભાઈ ને સાથે રાખીને બે કરોડનું આંગડીયુ કર્યુ હતુ. ચાર કલાક સુધી ચેતનભાઈ આંગડીયા પેઢીમાં બેસી રહ્યા પરંતુ ટ્રસ્ટના એકાઉન્ટમાં એકપણ રૂપિયા આવ્યો ન હતો. જેથી ચેતનભાઈએ આંગડીયા પેઢીએ આપેલ ટોકન જમા કરાવતા ખબર પડી કે, મુંબઈ માં બાબુ નામના શખ્સે આંગડીયુ લઈ લીધુ છે. આથી ચેતનભાઈએ અશ્વિનને સંપર્ક કરતા તેમણે કોઈ જવાબ આપ્યો ન હતો. આ અંગે ચેતનભાઈએ કાઈમ બ્રાન્ચમાં અશ્વિન ઝવેરી, સંદિપ પાટીલ સહિત ત્રણ શખ્સો સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

# જૂનાગઢમાં ગેસનો બાટલો ફાટતા દાઝી ઝયેલી મહિલાનું મોત

જૂનાગઢમાં સાત દિવસ પહેલા ગણેશનગરમાં એક ઘરમાં ગેસનું રેગ્યુલેટર ચાલુ રહી જતા લાઈટ ચાલુ કરતાની સાથે જ ગેસનો બાટલો ફાટ્યો હતો, અને બ્લાસ્ટ થયો હતો, જેમાં એક જ પરિવારના ચાર સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા, જે ઘટનામાં આજ સુધીમાં ત્રણ સભ્યોના કરુણ મોત થયા છે. ગણેશનગરમાં થયેલા બ્લાસ્ટમાં કાનજીભાઈ માવજીભાઈ કટારીયા, તેનો પુત્ર વિજય, પૌત્ર દત્ત અને પુત્રવધુ મનીષાબેન આમ કુલ ચાર સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમાંથી ત્રણ સભ્યોને રાજકોટ રીફર કર્યા હતા, જે પૈકી સૌ પ્રથમ તા.૪ ના રોજ દત ઉ.૭ નું અને તા.૭ ના રોજ તેના પિતા વિજયભાઈનું મોત થયું હતું. પિતા–પુત્રના મોત પછી મનીષાબેન પણ ગંભીર હતા. જેમનું ગઈકાલે સાંજે રાજકોટ સારવારમાં મોત થતા આમ અત્યાર સુધીમાં ત્રણ સભ્યોએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે, હવે કાનજીભાઈ જેમને રજા આપવામાં આવી હતી, તેમને પણ આજે સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ફરીવાર દાખલ કરવામાં આવ્યા છે, તેમની હાલત ગંભીર નથી, પરંતુ ડોક્ટરની સલાહથી દાખલ કરવામાં આવ્યા છે.

# શાપર–વેરાવળમાં પ્રેમ પ્રકરણ બાબતે બે યુવાન પર હુમલો

શાપર–વેરાવળમાં પ્રેમ લગ્નનો ખાર રાખી બે મિત્રો ઉપર યુવતીના પિતા સહિત ત્રણ શખ્સોએ હુમલો કરતા ઘવાયેલા બન્ને મિત્રોને સારવાર લેવી પડી હતી અને આરોપી સામે શાપર–વેરાવળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.મળતી વિગતો મુજબ, શાપર–વેરાવળના બુદ્ધનગર શેરી નં.રમાં રહેતા કરણભાઈ અમિતભાઈ ડોડીયા નામના યુવાને ફરિયાદમાં દિલીપ જીવરાજભાઈ સોલંકી, તેમનો પુત્ર કેવીન અને સંબંધી મેહુલ અશોકભાઈ સોલંકી વિરુદ્ધ શાપર–વેરાવળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. કરણભાઈએ ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, તેમનો મિત્ર કાળીયો આરોપી દિલીપભાઈની છોકરીને ભગાડી ગયો હોય જેનો ખાર રાખી આરોપીઓએ કરણના મિત્ર નિતિનભાઈ અને રવિભાઈને ઢીકા– પાટુનો માર મારી જ્ઞાતિ પ્રત્યે હળધૂત કર્યો હતા. તેમજ ત્રણેય આરોપીઓએ પાઈપ વડે ત્રણેય મિત્રો પર હુમલો કરતા નિતીનભાઈને હાથમાં ફેક્ચર આવ્યું હતું. તેમજ જતા જતા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપતા શાપર–વેરાવળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

# યોગરાજ સોસાયટીમાં બિમારીથી કંટાળી પરણીતાનો આપઘાત

શહેરમાં દોઢ સો ફટ રીંગ રોડ ઉપર અયોધ્યા ચોક પાસે યાગરાજ સોસાયટીમાં રહેતી પરિણીતાએ બિમારીથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિણીતાના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. દોઢ સો ફટ રીંગ રોડ ઉપર અયોધ્યા ચોકમાં આવેલી યાગરાજ સોસાયટીમાં રહેતી મનિષાબેન મહેશભાઈ ખખ્ખર નામની ૪૧ વર્ષની પરિણીતાએ બિમારીથી કંટાળી પંખામાં ચુદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિણીતાના મોતથી બે બાળકોએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. બીજા બનાવમાં ન્યુ થોરાળા વિસ્તારમાં ક્રિષ્નાપાર્કમાં રહેતી સપનાબેન અમીતભાઈ રાઠોડ નામની ૨૫ વર્ષની પરિણીતાએ કોઈ અગમ્ય કારણસર લીકવીડ પી લેતા તેની તબીયત લથડી હતી. પરિણીતાને બેશુદ્ધ હાલતમાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બિલ્ડર સાથે ૩ કરોડની ઠગાઇ પ્રકરણમાં સાધુ ટોળકીના બે સાગ્રીત ગોવાથી ઝડપાયા




**મુખ્ય સમાચાર,રાજકોટ**

જમીન મકાનના વ્યવસાય સાથે જોડાયેલા બે ભાગીદાર જસ્મીન માઢક અને જય મોલીયા સાથ મંદીર માટે જમીન ખરીદવાના નામે સ્વામીનારાયણ સંપ્રદાયના ચાર સાધુ સહિત ટોળકીએ કરેલી રૂ.૩ કરોડની છેતરપીંડીમાં સ્વામીનો સાગ્રીત લાલજી ઢોલા સુરતથી પકડાયા બાદ આ ચીટર ટોળકીના વધુ બે સાગ્રીત ભુપેન્દ્ર પટેલ અને વિજય ચૌહાણને રાજકોટ આર્થિક ગુના નિવારણની શાખાએ ગોવાથી ઝડપી પાડયા હતાં. સ્વામીનારાયણના સાધુ સાથે મળી નકલી ખેડૂત બની જમીન મકાનના દલાલી કરતાં બન્ને ભાગીદારો સાથે આ ટોળકીએ છેતરપીંડી કરી હતી.મંદિર માટે જમીન ખરીદવાના સ્વામીનારાયણ સાધુ ગેંગનો રાજકોટમાં શિકાર બનેલા જસ્મીન માઢક અને જય મોલીયાએ નોંધાવેલી ફરિયાદમાં જમીનના દલાલ સુરતના સુરેશ મારફતે સ્વામીઓએ ધોરાજીનાં ઝાલસર શ્રીધામ ગુરુકુલના વિજય સ્વામી ઉર્ફે વી.પી.સ્વામી, જૂનાગઢ તળેટી મંદિરના જયકૃષ્ણ સ્વામી ઉર્ફે જે.કે.સ્વામી, પાનેલી અંકલેશ્વર રૂષીકુળ ગૌધામના માધવપ્રિય ઉર્ફે એમ.પી.સ્વામી, આણંદ ગૌશાળાના દેવપ્રકાશ સ્વામી ઉર્ફે દેવપ્રિય સ્વામી, વડતાલ સ્વામીનારાયણ મંદિરના ખજાનચી બનેલા સુરતના પરબત પાટીયા મણીભદ્ર કોમ્પલેક્ષ લાલજી બાવ ઢોલા,. પુના ગામ પરમેશ્વર સુરેશ ધોરી, દેહગામના ખેડૂત બનેલા ભુપેન્દ્ર મળી કારસ્તાન આચર્યું હતું. ૫૦૦ વિઘા જમીન ખરીદવાના નામે લાલચ આપી ટોકન પેટે રૂા.૩.૪ કરોડ ખેડૂતને ચુકવ્યા હતાં. ટોકનની રકમ આપવાનો વાયદો કરી છેતરપીંડી કરનારી આ ટોળકી વિરૂધ્ધ ગુનો નોંધાયા બાદ આ બનાવની તપાસ રાજકોટ આર્થિક ગુના નિવારણ શાખાને આપવામાં આવી હોય પીએસઆઈ ચંદ્રસિંહ જાડેજા અને તેમની ટીમે સુરતના લાલજી ઢોલાની સરથાણામાંથી ધરપકડ કર્યા બાદ આ ટોળકીના ભુપેન્દ્ર અને વિજય ચૌહાણને ગોવાથી ઝડપી લેવામાં આવ્યા હતાં. હવે આ મામલે કૌભાંડની કળીઓ મેળવી અન્ય ફરાર શખ્સો અને સ્વામીનારાયણના સાધુને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# અમરેલી ભણવા આવતી તરૂણી પર બસમાં દુષ્કર્મ કરનારને ૨૦ વર્ષની સજા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદમાં રહેતી અને અમરેલીમાં અભ્યાસ કરતી એક ૧૬ વર્ષની તરૂણી પોતાની અમરેલી ખાતે આવેલી સ્કુલમાં ઉતરાયણની રજા હોવાથી પોતાનાં ઘરે અમદાવાદ જઈ રજા પુરી થતાં ગત તા.૧૮/૧/૨૩ ના રોજ અમદાવાદથી અમરેલી હિમ્મત ટ્રાવેલ્સ નામની ખાનગી બસમાં બેસી અમરેલી આવતી હતી. ત્યારે અમદાવાદ રહેતા આરોપી ધ્રુવ રાકેશભાઈ પરમારે ભોગબનનાર તરૂણીનો પીછો કરી, તેણી અમરેલી આવતી હતી તે બસમાં આરોપી ચડી જઈ તરૂણી જે સોફામાં હતી ત્યાં જઈ, તરૂણી સાથે સોફામાં બેસી ગયો હતો. સાથેની અન્ય એક મહિલાને બીજા સોક્ષમાં બેસવા મોકલી દઈ, આરોપીએ આ તરૂણી સગીરવયની હોવાનું



જાણવા તેણીને શારીરીક અડપલાઓ તથા જાતીય સતામણી કરી, તરુણી પાસે શરીર સબંધ બાંધવાની માંગણી કરી હતી. પરંતુ તરૂણીએ ના પાડવા છતાં પરાણે ભોગબનનાર સાથે બે વાર પરાણે શરીર સબંધ બાંધી લીધો હતો. તરુણીને અમરેલી ખાતે અભ્યાસ અર્થે જવાનું હોય પરંતુ આરોપીએ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે, અપહરણ કરી, અમરેલીમાં જુદી જુદી જગ્યાઓએ જેવી કે, એસ.ટી.બસ સ્ટેશને વિગેરે જગ્યાએ લઈ જઈ શારીરીક અડપલાઓ કર્યા અંગેની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અહીંની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલને કોર્ટે માન્ય રાખી સ્પેશ્યલ જજ શ્રીવાસ્તવ દ્વારા આરોપી ધ્રુવ રાકેશભાઈ પરમાર (રે. અમદાવાદ)ને જુદી જુદી કલમો મુજબ ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૨૦ હજાર દંડની સજા ફટકારી હતી. આ બનાવમાં તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા પણ હુકમ કર્યો હતો. જેમાં ૨૫% રકમરોકડમાં તથા ૭૫% રકમ ફિક્સ ડિપોઝિટમાં મુકવા પણ હુકમ કર્યો હતો.

# વચેટીયા મારફતે રૂા.૧૦ લાખની લાંચ લેવાના પ્રકરણમાં મુંબઈના માટુંગાના પીઆઈ સસ્પેન્ડ

## આંગડીયા પેઢીના કર્મચારીને છેતરપિંડીના કેસમાં તપાસ અર્થે મુંબઈ આવવાની નોટિસ મોકલી, વચેટીયા એડવોકેટ દ્વારા લાંચ સ્વીકારી મુંબઈ એડિશનલ પોલીસ કમિશનર અનિલ પારસ્કરે સસ્પેન્ડનો કર્યો હુકમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આંગડીયા કર્મચારીને છેતરપિંડીના કેસમાં મુંબઈ માટુંગા પોલીસ સ્ટેશનમાં હાજર થવા અંગે નોટિસ મળ્યા બાદ માટુંગા પોલીસ મથકના પીઆઈ દિગંબર પાગર વતી ૧૦ લાંચની લાંચ લેવા રેસકોર્ષ રીંગ રોડ પર ટી પોસ્ટ પાસે આવેલા એડવોકેટ જેવીન નાનજી સાવલીયાની એસીબીએ ધરપકડ કરી રિમાન્ડ પર મેળવી એસીબીની ટીમ તપાસ અર્થે મુંબઈ પહોંચી છે ત્યારે લાંચ કેસમાં સંડોવાયેલા માટુંગા પોલીસ મથકના પીઆઈ દિગંબર પાગરને મુંબઈ એડીશનલ પોલીસ કમિશનર અનિલ પારસ્કરેએ સસ્પેન્ડનો હુકમ કર્યો છે. મોરબી રોડ પર રહેતા અને ટેકસ કન્સલ્ટીંગનું કામ કરતા એડવોકેટ જેવીન નાનજી સાવલીયા ૧૦ લાખની લાંચ લેવા માટે રેસકોર્ષ રીંગ રોડ પર ટી પોસ્ટ ખાતે લેવા આવ્યો ત્યારે એન્ટી કરપ્શન બ્યુરોના મદદનીશ નિયમાક કે.એચ.ગોહિલના માર્ગ દર્શન હેઠળ જામનગર એસીબી પોલીસ મથકના પીઆઈ આર.એન. વિરાણી સહિતના સ્ટાફે ઝડપી લીધો છે.


મુંબઈ માટુંગા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના કેસમાં તપાસ અર્થે હાજર થવા અંગે માટુંગા પોલીસ મથકના પીઆઈ દિગંબર પાગરે નોટિસ મોકલી હતી. આ કેસમાં આંગડીયા કર્મચારીની ધરપકડ અને હેરાન ન



કરવાના બદલામાં ૧૦ લાખની લાંચની માગણી કરી હતી. માટુંગા પોલીસ મથકના પીઆઈ દિગંબર પાગર વતી લાંચની વાત ચીત એડવોકેટ જેવીન સાવલીયા મોબાઈલમાં કરતો હોવાથી એસીબી સ્ટાફે મોબાઈલમાં રેકોર્ડીંગ કરી લીધુ હતું તેમજ જેવીન સાવલીયા ૧૦ લાખ લેતા રંગે હાથ ઝડપાયા બાદ માટુંગા પોલીસ મથકના પીઆઈ દિગંબર પાગર સાથે પણ એસીબી સ્ટાફે દસ લાખ લાંચના મળી ગયા અંગેની વાત ચીત કરાવી રેકોર્ડીંગ કરી લીધું હતું. દસ લાખની લાંચના ગુનામાં એડવોકેટ જેવીન સાવલીયાના રિમાન્ડ મેળવી એસીબી પીઆઈ લાલીવાલ સહિતના સ્ટાફે માટુંગા પીઆઈ દિગંબર પાગરની ધરપકડ માટે મુંબઈ પહોંચ્યા છે. ત્યારે મુંબઈ એડીશ્નલ પોલીસ કમિશર અનિલ પારસ્કરેએ કેસની ગંભીરતા દાખવી તાકીદની અસરથી માટુંગા પોલીસ મથકના પીઆઈ દિગંબર પાગરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. રાજકોટ એસીબીની ટીમ તેની ટૂંક સમયમાં ધરપકડ કરી રાજકોટ લાવવા તજવીજ હાથધરી છે.

# નકલી પીઆઈના નામે BSNL ના નિવૃત કર્મચારી સાથે રૂા.૧ કરોડની ઠગાઈ

## કર્મચારીને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે ફેડ ફોન કરીને ધમકાવી મની લોન્ડરિંગ કેસમાં અરેસ્ટ વોરંટ નીકળ્યા હોવાનું કહી સુપ્રીમ કોર્ટની ફેક નોટીસ મોકલી




**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં નિવૃત્ત સરકારી કર્મચારીને મુંબઈ કાઈમ બ્રાન્ચના નામે ફોન કરી મની લોન્ડરિંગ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી સુપ્રીમ કોર્ટની ફેક નોટિસ મોકલી કેસમાંથી બચવું હોય તો પૈસા આપવા પડશે તેમ કહી તેમના પાસેથી અલગ અલગ એકાઉન્ટમાં કટકે કટકે આશરે એક કરોડ જેટલા ટ્રાન્સફર કરાવી લીધા હતા. અને બાદમાં નિવૃત્ત સરકારી કર્મચારીને પોતાની સાથે સાયબર કોડ થયા હોવાનું માલુમ પડતા તેને રાજકોટ સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પવિતા પીઆઈ બી.બી.જાડેજાએ ગુનો. નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વિનયકુમારે કહેલ કે તમે કેસ બાબતે ચેક કરૂ પછી તેને કને કહેલ કે તમારા વિરૂધ્ધ એરેસ્ટ વોરંટ નીકળી ગયેલ છે હવે આ કેસ મારા હાથમાં નથી હવે મારા સીનીયર આકાશ કુલહરી સાથે વાત કરો આ કેસ આ તમને કોઈ રાહત થાય તો તેમ કહીને આ આકાશ કુલહરી સાથે ફોન માં વાત કરાવેલ હતી અને તેને એપ્લીકેશન ડાઉનલોડ કરવાનુ કહ્યું અને નિવૃત્ત કર્મચારી તે એપ્લિકેશન ડાઉનલોડ કરતા ની સાથે જ સામેવાળી વ્યક્તિએ આ એપ્લિકેશન પર સુપ્રીમ કોર્ટમાં હાજર થવાની કોર્ટના સિક્કા વાળી નોટિસ મોકલી હતી. અને બે કલાકમાં સુપ્રીમ કોર્ટમાં હાજર રહેવાનું કહ્યું હતું. જેથી ફરિયાદીએ પોતે બે કલાકમાં પહોંચી ન શકે તેમ વાત કરી હતી.

આવ્યો હતો. અને તે શખ્સ હીન્દીમાં વાત કરતો હતો અને અને કહ્યું હતું કે, હું મુંબઈ કાઈમ બ્રાંચથી પોલીસ ઈન્સપેક્ટર અજય પાટીલ બોલુ છુ અને તમારા વિરુધ્ધમાં મુંબઈ કાઈમ બ્રાંચમાં એફઆઈઆર ૧૦૪૫/૦૫/૨૪ દાખલ થપેલ છે જેમાં નરેશ ગોયેલ નામના શખ્સની મની લોન્ડરિંગના ગુનામાં ધરપકડ કરેલ છે અને તેની પાસેથી કેનરા બેંકનું એકાઉન્ટ તથા એ.ટી.એમ. કાર્ડ મળી આવ્યા છે.

તો ફોન પર વાત કરતી વ્યક્તિએ ફરિયાદીને કહ્યું હતું કે ? તમે સતત મારી સાથે વાત કરતા રહેજો જેથી હું તમારી આ કેસમાં થોડીક રાહત કરાવી શકું છું. તેમ કહી નિવૃત્ત કર્મચારીને અલગ અલગ એકાઉન્ટમાં પૈસા નાખવાનું કહ્યું હતું આમ તેને નિવૃત્ત કર્મચારી પાસેથી આશરે એક કરોડ રૂપિયા ટ્રાન્સકર કરાવી લીધા હતા એમાંથી ૩૦ હજાર રૂપિયા નિવૃત્ત કર્મચારીએ તેના મિત્ર પાસેથી લીધા હતા. હાલ આમ અમે સાયબર પોલીસના પી.આઈ બીબી જાડેજા દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી

બનાવ અંગેની મળતી માહિતી મુજબ સાયબર ક્રાઈમ પોલીસમાં અશ્વીનભાઈ માનસિહ તલાટીયા (ઉ.વ.–૬૫ રહે યોગેશ્વર સોસાયટી મકાન ને ૩૫ જુના એરપોર્ટ પાસે રેસકોર્સ)એ ફરિયાદ દાખલ કરાવી જણાવ્યું છે કે હું મારા પરીવાર સાથે રહુ છું અને બીપીસીએલ કંપનીમાંથી નિવૃત થઈ નિવૃત જીવન ગુજારૂ છુ અને એપલ કંપનીનો ફોન વાપરું છુ તથા વોટ્સએપ તથા ફેસબૂક તથા સ્કાઈપે જેવી સોશિયલ મીડીયા એપ્લીકેશન વાપરૂ છુ. ગત તા–૦૯/૦૭/૨૦૨૪ ના રોજ હુ મારા ઘરે હતો ત્યારે મને મારા વોટ્સએપ નંબર અજાણ્યા નંબર પરથી વોટસએપ કોલ ! અને તમને ૨ કલાક માં સી.બી.આઈ ના સ્ટાફ એરેસ્ટ કરી ? હાથ ધરી હતી.

# ગુજરાતમાં ગણેશ વિસર્જન અને ઈદે મિલાદના તહેવારમાં કોઈ અનીચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ એલર્ટ

## રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરાના પોલીસ કમિશ્નરો ઉપરાંત તમામ જિલ્લાના એસપી બેઠકમાં જોડાયા :તહેવારો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે સતત ફીલ્ડમાં રહેવા સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશભરમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે ત્યારે છેલ્લા બે દિવસમાં સુરત અને ખેડાના કઠલાલમાં અનિચ્છનીય ઘટનાઓ ઘટી છે. આ ઘટનાઓના સંદર્ભમાં રાજયના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશ્નર, રેન્જ આઈજીપી અને ડીએસપી સાથે વીડીયો કોન્ફરન્સ કરીને તેની માહિતી મેળવી હતી.

આગામી ગણેશ વિસર્જન અને ઈદે મિલાદના તહેવારોમાં કોઈ અનીચ્છનીય ઘટના ન ઘટે તેની તકેદારી માટે સૂચન કર્યા હતા. આ ઉપરાંત રાજયમાં એસઆરપીની ૩૦ કંપની તૈનાત કરવામાં આવી છે.

સુરતમાં વધારાની એસઆરપી પણ રવાના કરવામાં આવી છે.સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરમારાની ઘટના અને ખેડાના કઠલાલમાં પણ ગણેશ ઉત્સવની ઉજવણી વખતે થયેલી તકરારને લઈને પોલીસ એલર્ટ છે. લાંબા સમય બાદ રાજયમાં ગણેશ ઉત્સવમાં અથડામણ કે પથ્થરમારાની ઘટના નોંધાઈ છે જેની ડીજીપીએ ગંભીર નોંધ લીધી છે. ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતું કે રાજયભરની પોલીસ ગણેશ ઉત્સવ અને ગણેશ વિસર્જનની તૈયારીમાં લાગી ગઈ છે. રાજયમાં કુલ ૬૩ હજારથી વધુ ગણેશ પ્રતિમાઓનું સ્થાપન કરાયું છે. જે પૈકી ૭૩ હજાર પ્રતિમાનું વિસર્જન તા.૧૭મીએ કરાશે. આ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ઉપરાંત, ઈદે મિલાદમાં પણ



શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતું કે સુરતવાળી ઘટનામાં છ બાળકોએ પથ્થરમારો કર્યો હોવાનું ખુલ્યું છે. તેમની સામે કાયદાની મર્યાદામાં રહીને પગલા લેવાયા છે. આ ઉપરાંત આ બન્ને અનિચ્છનીય ઘટનાઓમાં કુલ ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# શહેર પોલીસમાં ૪૪ પોલીસમેનની બદલી બાદ ૧૬ પીએસઆઈની બદલી કરતા પોલીસ કમીશનર



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર પોલીસમાં બદલીનો રાઉન્ડ અવિરત રહ્યો હોય તેમ વધુ ૪૪ પોલીસ જવાનોની બદલીનો ઓર્ડર પોલીસ કમિશનરે બહાર કાઢી મહત્વની બ્રાંચમાં નિમણુંક આપવામાં આવી હતી. બાદ ૧૬ જેટલા પીએસઆઈની પણ બદલી કરવામાં આવી હતી જેમાં સી.એચ. વાછાણી માલવીયાનગરથી ટ્રાફિક, પી.જી. રોહડીયા ભક્તિનગરથી ગાંધીગ્રામ સી.વી. ચુડાસમા ટ્રાફિકમાંથી થોરાળા, કે.એસ. મિશ્રા કંટ્રોલમાંથી ટ્રાફિક કે.એસ. ભગોરા પ્રનગરથી ટ્રાફિક જે.આર. સોલંકી રીડરમાંથી બી ડિવિઝન એ.કે. રાઠોડ એરપોર્ટથી ટ્રાફિક વી.એચ. પરમાર ગાંધીગ્રામથી બી ડિવિઝન બી.આર. ભરવાડ યુનિવર્સિટીથી તાલુકા વી.એન. બોદર યુનિવર્સિટીથી ટ્રાફિક એમ.આઈ. શેખ બી ડિવિઝનથી તાલુકા જે.જી. રાણા ટ્રાફિકથી આજીડેમ આઈ.આઈ. કટીયા સાયબરથી ટ્રાફિક એમ.કે.મોવલીયા એ ડિવિઝનથી ડીસીબી એસ.એમ.વઘાસીયા એમઓબીથી રીડર સી.એમ.કુંભાણી એસ.એસ. સ્કવોડથી રીડર બદલીઓ કરવામાં આવી છે.

# બે કોન્સ્ટેબલ સહિત છ શખ્સોના ત્રાસથી કંટાળી રેલવે કર્મચારીનો આપઘાતનો પ્રયાસ

## ફોરેક્સ ટ્રેડીંગના નામે ધંધો શરૂ કર્યા બાદ પૈસા ડૂબી જતાં તેની ઉઘરાણી કરી ત્રાસ આપતાઃ પાંચ પાનાની સ્યુસાઈડ નોટ પણ મળી આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલ્વે હોસ્પિટલમાં નોકરી કરતા કર્મચારીએ તેની સાથે કામ કરતા બે રેલ્વે કોન્સ્ટેબલ સહિત ૬ લોકોના ત્રાસથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમની પાસેથી પાંચ પાનાની એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી. જે પોલીસે કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રેલ્વે કોલોનીમાં રહેતા અને રેલ્વે હોસ્પિટલમાં નોકરી કરતાં આનંદકુમાર બાંધાણીએ ગઈકાલે ઝેરી દવા ગટગટાવી લેતાં સારવાર માટે ૧૦૮ મારફત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસ સ્ટાફ પણ દોડી આવ્યો હતો.



અને પોલીસ સ્ટાફે આનંદકુમારની તપાસ કરતાં તેની પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા હિરલ બુધવાણી સહિતનાઓ સાથે ફોરેક્સ ટ્રેડિંગ નામનો ધંધો ભાગીદારીમાં શરૂ કર્યો હતો.

પરંતુ થોડોક સમય જતાં ધંધામાં નુકશાની ગઈ હતી. તેની ઉઘરાણી કરવા હિરલ બે કોન્સ્ટેબલ રવિ રાઠોડ અને મનોજ પટેલને મોકલીને અશોકકુમારને ધમકાવતા હતાં. ઉપરાંત અશોકકુમાર જ્યાં નોકરી કરતાં ત્યાં હોસ્પિટલમાં હિરલ અવારનવાર આવીને ધાકધમકી આપી પૈસાની ઉઘરાણી કરતી. જેથી કંટાળીને તેઓએ આ પગલું ભર્યું હતું. હાલ આ મામલે પોલીસે સુસાઈડ નાટના આધારે આગળની તપાસ હાથ ધરી છે.